।। श्रीकृष्णाय नमः ।। ।। श्रीवल्लभाधीशो जयति ।। ।। श्रीगोपीनाथो जयति ।। ।। जयति श्रीविट्ठलेश्वरः ।।

पुष्टिसंस्कार

ઓગષ્ટ – ૨૦૨૬

વર્ષ – ૧૭ । અંક – ૦૫ । સળંગ અંક – ૧૯૭

અષાઢ–શ્રાવણ–ભાદરવો/વિક્રમ સંવત્ ૨૦૮૩



❖ નિર્માણાધીન પુષ્ટિસંસ્કારધામ ❖ પુષ્ટિસંસ્કાર પબ્લિકેશન ❖ પુષ્ટિસંસ્કાર પાઠશાલા ❖ પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ ❖
❖ પુષ્ટિબાલવાટીકા ❖ પુષ્ટિસંસ્કાર સ્કૂલ ❖ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ગુરુકુલ ❖ શ્રીવલ્લભગોશાલા ❖ પુષ્ટિસંસ્કાર પરિવાર ❖






❋ **પ્રેરક**

નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરુષોત્તમલાલજી મહારાજશ્રી

(મોટી હવેલી - જૂનાગઢ)

❋ **પથદર્શક**

શ્રીયૂષકુમારજી (શ્રીવ્રજેન્દ્રજી) મહારાજશ્રી

(મોટી હવેલી - જૂનાગઢ)

❋ **પ્રકાશક**

શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન

મોટી હવેલી,પંચહાટડી ચોક,

જૂનાગઢ-૩૬૨૦૦૧. ફોનઃ૦૨૮૫-૨૬૨૦૨૦૦

૯૦૬૬૬૪૩૬૬૦

❋ **મુદ્રક**

મેટ્રો ઓફસેટ - જૂનાગઢ

પ્રતિ અંક ₹ ૨૦/-

● પ્રકાશિત કરવામાં આવેલ લેખો અને માહિતિ સાથે પ્રકાશકનું સહમત હોવું અનિવાર્ય નથી. લેખનની સમ્પૂર્ણ જવાબદારી જે તે લેખકની રહેશે.

● 'પુષ્ટિસંસ્કાર'નો અંક દરેક મહિનાની ૧ તારીખે રવાના કરવામાં આવે છે. જે-તે મહિનાની ૧૫ તારીખ સુધીમાં અંક ન મળે તો નામ, ગ્રાહક નંબર સાથે '**શ્રીપુષ્ટિસંસ્કાર કાર્યાલય**' પર જાણ કરવી. ફોન : ૦૨૮૫-૨૬૨૧૧૧૧

॥ શ્રીવલ્લભાધીશો જયતિ ॥

પુષ્ટિસંસ્કાર

અનુક્રમણિકા


૦૪	પુષ્ટિસિદ્ધાન્ત પ્રવેશ
૦૭	શ્રીમદ્ ભગવદ્ગીતા
૦૯	શ્રીભાગવતાર્થપ્રકરણમ્
૧૨	શ્રીવલ્લભાખ્યાન રસદર્શન
૧૪	પञ્ચપદ્યાનિ
૧૭	પુષ્ટિચિન્તન
૧૯	શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્રમ્
૨૨	સર્વનિર્ણયપ્રકરણ
૨૪	ષોડ્શગ્રંથ ગત ઉપદેશ અને વૈષ્ણવ વાર્તાની સંગતિ
૨૬	બાલવિભાગ
૨૮	પુષ્ટિસંસ્કારધામ
૩૨	પ્રવૃત્તિ સમાચાર
૩૪	વ્રતોત્સવ ટિપ્પણી

તંત્રી/સંપાદક : વિમલભાઈ ભટ્ટ,

પુષ્ટિસિદ્ધાન્ત પ્રવેશ

જગત્

સંકલન : ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી



ગતાંકથી આગળ....

प्रपञ्चो भगवत्कार्यः तद्रूपो मायया ऽभवत् ।

પ્રપંચ (જગત્) બ્રહ્મનું કાર્ય છે. તે રૂપે ભગવાન્ પોતાની (સર્વભવનસામર્થ્યરૂપા) માયાથી થયા છે.

કર્તવ્ય સિદ્ધાન્ત અને તત્ત્વસિદ્ધાન્તનો સમન્વય

કોઇપણ સાધના ત્યારે જ સર્વોત્તમ કહેવાય જ્યારે તે સાધનાના કર્તવ્યસિદ્ધાન્ત અને તત્ત્વસિદ્ધાન્ત વચ્ચે સુમેળ હોય.

જેમ કોઇ ગાયક; વાદ્યમાં વાગતા સ્વર અને તાલ સાથે પોતાના સ્વર અને લયને અનુકૂલ કરે તો તેનું ગાયન ઉત્તમ કહેવાય.

કોઇપણ રમત કોઇપણ સ્થાન પર યથાકથંચિત્ રમી શકાય પરન્તુ શ્રેષ્ઠ રીતે રમવા માટે તો જે તે રમતને અનુકૂલ મેદાન, રમવાના ઉપકરણો, અનુકૂલ વાતાવરણ વગેરે જોઇએ.

તે જ રીતે જે તે સાધનાના માર્ગ પર આગળ વધનાર માટે તે સાધનાનો આધારભૂત તત્ત્વવિચાર સમજવો અને તેને અનુરૂપ પોતાની સાધનાની શ્રેષ્ઠતા જાણવી - માણવી આવશ્યક હોય છે.

તેથી આ જગતનું વાસ્તવિક સ્વરૂપ શું છે? આ જગતના કર્તા કોણ છે અને તેને ઉત્પન્ન કરવાનું પ્રયોજન શું છે ? જગતનું ઉપાદાન કારણ શું છે? જીવનું સ્વરૂપ શું છે ? જગત અને જીવના વાસ્તવિક સ્વરૂપનો અનુભવ આપણને કેમ નથી થતો ? વગેરે પ્રશ્નોના ઉત્તર કોઇપણ સાધક માટે પોતાની સાધનાની દિશા નિર્ધારિત કરનારા અને સાધનાને ગૌરવ આપનારા હોય છે.

શ્રીવલ્લભાચાર્યજીએ બ્રહ્મવાદ (શુદ્ધાદ્વૈતવાદ) નો સિદ્ધાન્ત પ્રકટ કર્યો છે અને બ્રહ્મવાદના સિદ્ધાન્તને સમજીને - સ્વીકારીને પરં બ્રહ્મ શ્રીકૃષ્ણની ભક્તિ કરવાનો ઉપદેશ આપ્યો છે.

શ્રીઆચાર્યચરણ સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થમાં આજ્ઞા કરે છે

अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम् ।

અર્થઃ (આથી) બ્રહ્મવાદ દ્વારા કૃષ્ણમાં બુદ્ધિ લગાડો.

બ્રહ્મવાદ

શ્રીકૃષ્ણભક્તિની દિવ્ય સાધના જે ધરાતલ પર દૃઢતાથી સ્થિત છે તે શાસ્ત્રસિદ્ધ અને શ્રીવલ્લભાચાર્યજી દ્વારા પ્રકાશિત બ્રહ્મવાદના તત્ત્વસિદ્ધાન્તને સંક્ષેપમાં જોઇએ.

ઉપનિષદ્માં સૃષ્ટિની ઉત્પત્તિનો પ્રકાર જણાવ્યો છે -

'સ દ્વિતીયમૈચ્છત્ સ હૈતાવાનાસ'

અર્થ: બ્રહ્મે અનેક થવાની ઇચ્છા કરી, તે જ આ સૃષ્ટિ રૂપે થયા.

જેમ સમુદ્રમાંથી ઉઠતી લહેરો સમુદ્રમાં જ ઉત્પન્ન થાય છે સમુદ્રમાં જ રહે છે અને સમુદ્રમાં જ લય પામે છે તે જ રીતે બ્રહ્મ જ જગત્ની ઉત્પત્તિ નું કારણ છે, બ્રહ્મમાં જ જગત્ સ્થિત છે અને બ્રહ્મમાં જ લય પામે છે.

ચતુ:શ્લોકી ભાગવતના પ્રથમ શ્લોકમાં ભગવાને બ્રહ્માજીને આ બ્રહ્મવાદનો સિદ્ધાન્ત સમજાવ્યો છે -

અહમેવાસમેવાગ્રે નાન્યદ્ યદ્ સદસત્પરમ્ ।
પશ્ચાદહં યદેતચ્ચ યોઽવશિષ્યેત સોઽસ્મ્યહમ્ ।।

(શ્રીમદ્ભાગવત ૨-૯-૩૨)

અર્થ: હું પૂર્વે હતો જ, મારા સિવાય સત્-અસત્ કે પર કંઇ પણ ન હતું, પછી પણ હું જ છું, આ જે દેખાય છે તે હું છું, પ્રલય પછી જે બાકી રહેશે તે પણ હું જ છું.

તેથી જ ભગવાન; ગીતામાં આજ્ઞા કરે છે -

અહં સર્વસ્ય પ્રભવઃ મત્તઃ સર્વં પ્રવર્તતે ।
ઇતિ મત્વા ભજન્તે માં બુધા ભાવસમન્વિતાઃ ।।

(શ્રીમદ્ભગવદ્ગીતા - ૧૦/૮)

ભાવાર્થ : હું સર્વની ઉત્પત્તિનું કારણ છું, બધું મારાથી પ્રવૃત્તિ કરે છે - એ પ્રમાણે મારૂં માહાત્મ્ય સમજીને મારામાં ભાવવાળા બુદ્ધિમાન્ લોકો મને ભજે છે.

સૃષ્ટિ રચનાનું પ્રયોજન

કર્તાનું કોઇપણ કાર્ય કરવા પાછળનું કોઇક પ્રયોજન હોય છે. તેથી પ્રશ્ન થાય છે કે સૃષ્ટિના કર્તા ભગવાન્ને આ સૃષ્ટિની રચના કરવા માટેનું પ્રયોજન શું છે ?

આ પ્રશ્નનો ઉત્તર શાસ્ત્ર આપે છે-

ક્રીડાર્થમાત્મનઃ ઇદં ત્રિજગત્ કૃતં તે ।

અર્થ: પોતાના રમણ માટે તેણે આ જગતની રચના કરી છે.

આ સૃષ્ટિની રચનામાં ભગવાન્ની રમણેચ્છા સિવાય અન્ય કોઇપણ કારણ નથી. રમત રમવામાં સહજ આનન્દ સિવાયનો કોઇ હેતુ હોતો નથી તેમ માત્ર પોતાના આનન્દને માણવા માટે જ ભગવાને આ સૃષ્ટિ રચી છે. આ સૃષ્ટિની રચનામાં પ્રભુની રમણેચ્છા સિવાય અન્ય કોઇપણ પ્રયોજન જો હોય તો તે પ્રયોજન બ્રહ્મ પર બન્ધનકર્તા થાય અને તો બ્રહ્મની આનન્દરૂપતા સ્વતન્ત્રતા અને સર્વસામર્થ્યવાન્ હોવા પર પ્રશ્ન ઉભો થાય. તેથી શાસ્ત્ર સમજાવે છે કે બ્રહ્મની માત્ર આનન્દાભિવ્યક્તિ રૂપ રમણેચ્છા જ આ સૃષ્ટિનું પ્રયોજન છે અન્ય કોઇપણ નહિ.

અભિન્ન નિમિત્તોપાદાન

જેમ કુંભાર ઘડો બનાવે છે તો તે ઘડાનો કર્તા કુંભાર હોય છે, તે ઘડાના નિમિત્તકારણ ઉપયોગમાં લેવાયેલા વિવિધ સાધનો દંડ-ચક્ર વગેરે છે તથા ઘડાનું ઉપાદાન કારણ માટી હોય છે. તેમ આપણે સમજ્યા કે સૃષ્ટિના કર્તા બ્રહ્મ છે. હવે પ્રશ્ન થાય છે કે સૃષ્ટિના નિમિત્તકારણ અને ઉપાદાનકારણ શું છે ?

ઉપનિષદ્ કહે છે 'જેમ કરોળિયો પોતાનામાંથી જાળું બનાવે છે જેમ અગ્નિમાંથી તણખાઓ વ્યુચ્ચરિત થાય છે તે જ રીતે બ્રહ્મમાંથી જ બધા પ્રાણ, બધા લોક, બધા દેવ, બધા જીવ ઉત્પન્ન થાય છે. '

શ્રીવલ્લભાચાર્યજી સમજાવે છે-

જગતઃ સમવાયિ સ્યાત્ તદેવ ચ નિમિત્તકમ્ ।
કદાચિત્ રમતે સ્વસ્મિન્ પ્રપંચેઽપિ ક્વચિત્ સુખમ્ ।।

(શાસ્ત્રાર્થપ્રકરણ ૬૮)

અર્થ: આ જગતનું સમવાયિકારણ

(=ઉપાદાનકારણ) બ્રહ્મ છે અને તે જ આના નિમિત્તકારણ અને કર્તા પણ છે.

ક્યારેક ભગવાન્ જગત્ને પોતાનામાં લીન કરે ને આત્મરમણ કરે છે તો ક્યારેક જગત્ને બહાર વિસ્તાર કરીને રમણ કરે છે.

આ રીતે અન્ય કોઇ વસ્તુની સહાયતાથી પ્રભુ સૃષ્ટિની રચના નથી કરતા કેમકે પોતાનાથી અતિરિક્ત અન્ય કોઇ તત્ત્વ જ નથી. તેથી પોતાનામાંથી જ પ્રભુ આ સૃષ્ટિની રચના કરે છે.

આ સૃષ્ટિ પ્રભુમાં જ ઉત્પત્તિ-સ્થિતિ-લય પામે છે. પ્રપંચભાવો **ભગવત્યેવ લીનઃ પ્રકટીભવતિ** ।

આ રીતે સૃષ્ટિનું નિમિત્તકારણ અને ઉપાદાનકારણ બન્ને બ્રહ્મ જ છે. બન્ને કારણ એક જ તત્ત્વ (અભિન્ન) હોવાથી આને અભિન્ન-નિમિત્તોપાદાનકારણનો સિદ્ધાન્ત કહેવામાં આવે છે.

આવિર્ભાવ તિરોભાવ

પ્રભુની આવિર્ભાવ અને તિરોભાવ શક્તિ દ્વારા સૃષ્ટિમાં વૈવિધ્ય ઉત્પન્ન થાય છે.

બ્રહ્મ સચ્ચિદાનન્દ (સત્ ચિત્ અને આનન્દ) છે. સત્ એટલે અસ્તિત્વ, ચિત્ એટલે ચૈતન્ય, આનન્દ એટલે વ્યાપકતા. બ્રહ્મમાં આ ત્રણે એકરસ થઇને રહેલા છે, પરન્તુ સૃષ્ટિલીલામાં વિવિધતા પ્રકટ કરવા માટે પ્રભુ પોતાની આવિર્ભાવ તિરોભાવ શક્તિ દ્વારા જ્યારે ચિત્ અને આનન્દનો તિરોભાવ કરી લે છે (છુપાવી લે છે) ત્યારે સત્ માત્ર રૂપ તે વસ્તુને **'જડ'** કહેવાય છે. જ્યારે આનન્દનો તિરોભાવ કરે છે અને સત્ અને ચિત્ પ્રકટ રાખે છે ત્યારે ચિત્ પ્રધાન તે **'જીવ'** કહેવાય છે.

આ રીતે આવિર્ભાવ તિરોભાવ દ્વારા સૃષ્ટિમાં રમણ માટે આવશ્યક વૈવિધ્યનું નિર્માણ થાય છે અને **નામ-રૂપ-કર્મ**ની વિવિધતા પ્રકટ થાય છે.

અવિકૃતપરિણામ

જેમ સોનામાંથી વિવિધ આભૂષણો બનાવવામાં આવે ત્યારે તે આભૂષણો અલગ અલગ છે તેવું જ્ઞાન થાય છે. તેમના ઉપયોગ પણ અલગ અલગ રીતે થાય છે. સોનાના કુંડલ કાનમાં પહેરાય, કંકણ હાથમાં પહેરાય, ઝાંઝર પગમાં પહેરાય વગેરે. પરન્તુ તત્ત્વતઃ તે બધા સોનાના જ છે તે પણ નિશ્ચિત જ હોય છે. તેથી જ્યારે ફરી આ આભૂષણોને ગાળીને સોનાની લગડીમાં રૂપાંતરિત કરી દેવામાં આવે તો પાછા તે બધા એકરૂપ બની જાય છે.

તે જ રીતે જ્યારે બ્રહ્મમાંથી આ જગત્નો ઉદ્ભવ થાય છે ત્યારે તેમાં વૈવિધ્ય પ્રકટ થાય છે પરન્તુ તત્ત્વમાં કોઇ વિકાર આવતો નથી. પુનઃ જ્યારે પ્રભુ સૃષ્ટિનો લય કરે છે ત્યારે જડ તત્ત્વમાં તિરોહિત થયેલા ચિત્ અને આનન્દ પ્રકટ થઇને બ્રહ્મરૂપતા થઇ જાય છે. આને અવિકૃત-પરિણામનો સિદ્ધાન્ત કહેવાય છે. અર્થાત્ સૃષ્ટિ માટે ઉપાદાનકારણ રૂપ બ્રહ્મમાં થતા પરિણામ 'અવિકૃત' છે. તેથી જગત્નું ઉપાદાનકારણ હોવા છતાં બ્રહ્મમાં કોઇ વિકાર આવતો નથી.

આ રીતે આપણે બ્રહ્મવાદનો સિદ્ધાન્ત સમજ્યા કે **'જગત્ના કર્તા બ્રહ્મ છે. તેઓ પોતાની કીડા માટે જગત્ને ઉત્પન્ન કરે છે. જગત્નું ઉપાદાનકારણ અને નિમિત્તકારણ બ્રહ્મ છે. પોતાની આવિર્ભાવ તિરોભાવ શક્તિથી ભગવાન્ સૃષ્ટિના વૈવિધ્યને પ્રકટ કરે છે, તેથી આ જગત્ બ્રહ્મનું અવિકૃતપરિણામ હોવાથી બ્રહ્મમાં કોઇ વિકાર થતો નથી'** આ સિદ્ધાન્તને **શુદ્ધાદ્વૈતવાદ** પણ કહેવાય છે.

(ક્રમશઃ)

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા અધ્યાય ૧૮

વિવેચનઃ નાનુલાલ ગાંધી



ગતાંકથી આગળ....

यया तु धर्मकामार्थान् धृत्या धारयतेऽर्जुन ।
प्रसङ्गेन फलाकाङ्क्षी धृतिः सा पार्थ राजसी ।।३४।।

હે પાર્થ! જે ધૃતિથી ધર્મ કામ અને અર્થનું ધારણ કરે છે અને પ્રસંગે ફલની આકાંક્ષા રાખે છે તે રાજસી ધૃતિ છે ૩૪.

જે ધૃતિથી ધર્મ અર્થ અને કામ એ ત્રિવર્ગને ધારણ કરે છે અને 'હું કર્તા છું' એવી આસક્તિ રાખી ફલની આકાંક્ષા રાખે છે તે રાજસી ધૃતિ છે. ૩૪.

यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ।
न विमुंचति दुर्मेधा धृतिः सा पार्थ तामसी ।।३५।।

હે પાર્થ! દુર્બુદ્ધિવાળો જેનાથી નિદ્રા, ભય, શોક, વિષાદ તથા મદને તજતો નથી તે ધૃતિ તામસી છે. ૩૫.

सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ।
अभ्यासाद्रमते यत्र दुःखान्तं च निगच्छति ।।३६।।

હે ભરતર્ષભ! હવે મારી પાસેથી ત્રણ પ્રકારનું સુખ સાંભળ, જેમાં અભ્યાસથી રમણ કરે છે અને દુઃખના અંતને પામે છે. ૩૬.

હવે ત્રણ પ્રકારનું સુખ કહેવાની પ્રતિજ્ઞા કરે છે. આ સુખનો દીર્ઘ સમય સુધી અભ્યાસ રાખવાથી તેમાં ઘણી રતિ પ્રાપ્ત કરે છે, અને સંસારના દુઃખના અંતને પામે છે. ૩૬.

यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।
तत्सुखं सात्त्विकं प्रोक्तम् आत्मबुद्धिप्रसादजम् ।।३७।।

જે આરંભમાં વિષ જેવું, અને પરિણામમાં અમૃતસમાન છે તેવું પોતાની બુદ્ધિની પ્રસન્નતાથી ઉત્પન્ન થતું સુખ સાત્ત્વિક કહેલું છે. ૩૭.

જે આરંભમાં એટલે યોગના પ્રારંભ સમયે, યોગ બહુ શ્રમથી જ સાધી શકાય તેવો હોવાથી તથા તે સમયે વિવિક્ત આત્માનાં સ્વરૂપનો અનુભવ નહિ હોવાથી, વિષ જેવું એટલે બહુ દુઃખરૂપ લાગે, પરન્તુ પરિણામમાં યોગ સિદ્ધ થાય ત્યારે આત્માના સ્વરૂપનો આવિર્ભાવ થવાથી અમૃત સમાન લાગે તેવું, પોતાની બુદ્ધિથી પ્રસન્નતા એટલે રજોગુણ તથા તમોગુણ રહિત શુદ્ધતાથી ઉત્પન્ન થતું સુખ સાત્ત્વિક છે. ૩૭

विषयेन्द्रियसंयोगाद् यत्तदग्रेऽमृतोपमम् ।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ।।३८।।

વિષય અને ઈન્દ્રિયોના સંયોગથી જે આરંભમાં અમૃત જેવું અને પરિણામમાં વિષ જેવું

(થાય છે) તે સુખ રાજસ કહેલું છે. ૩૮.

રૂપ વિગેરે વિષયો અને ઇન્દ્રિયોના સંયોગથી ઉત્પન્ન થતું સુખ આરંભમાં અમૃત જેવું લાગે છે, પરન્તુ પરિણામમાં વિષ જેવું હોય છે. તે સુખ રાજસ છે. ૩૮.

यदग्रे चानुबन्धे च सुखं मोहनमात्मनः ।
निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम् ।।३९।।

જે સુખ આરંભમાં તથા અનુબંધમાં પોતાને મોહ કરનારું છે અને નિદ્રા, આલસ્ય તથા પ્રમાદથી ઉત્પન્ન થયેલું છે તે તામસ કહેલું છે. ૩૯.

અનુબંધમાં એટલે અનુભવ કરતી વખતે અને પાછળથી પરિણામમાં આવી રીતે ત્રણ ગુણથી સર્વ ભેદ થાય છે ૩૯.

न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ।
सत्त्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिभिर्गुणैः ।।४०।।

પૃથિવી પર અથવા સ્વર્ગમાં તથા દેવોમાં પણ એવું કોઈ સત્ત્વ નથી જે પ્રકૃતિથી થયેલા આ ત્રણ ગુણોથી મુક્ત હોય.

ભૂતલ પરના પ્રાણિમાત્ર તેમજ સ્વર્ગના દેવો પણ સર્વ પ્રાકૃત ત્રિગુણમય જ છે. ૪૦.

ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परन्तप ।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ।।४१।।

હે પરંતપ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યો તથા શૂદ્રોનાં કર્મોના સ્વભાવથી ઉત્પન્ન થયેલા ગુણોથી વિભાગ કરેલા છે. ૪૧.

સંન્યાસ શબ્દનો અર્થ મોક્ષના સાધનરૂપ ત્યાગ જ છે. ત્યાગ એટલે કર્તૃત્વનો કર્મમાં આસક્તિનો તથા ફલનો જ ત્યાગ છે, પરંતુ કર્મનાં સ્વરૂપનો ત્યાગ નથી. 'હું કર્તા છું' એવાં પોતાનાં કર્તૃત્વનો ત્યાગ, અંતર્યામી સ્વરૂપ ભગવાન કર્તા છે એવું અનુસંધાન રાખવાથી થાય છે.

હવે કર્મના અધિકારીઓ બ્રાહ્મણ વિગેરેનાં કર્મોના, તેઓના સ્વભાવથી ઉત્પન્ન થયેલા સત્ત્વ વિગેરે ગુણોથી વિભાગ કરેલા છે તે કહે છે. દરેકનાં પૂર્વ કર્મના સંસ્કારરૂપ સ્વભાવથી ઉત્પન્ન થયેલા ગુણો પ્રમાણે કર્મના વિભાગ કરેલા છે. બ્રાહ્મણો સાત્ત્વિક છે, ક્ષત્રિયો સાત્ત્વિકરાજસ છે. વૈશ્યો રાજસતામસ છે અને શૂદ્રો તામસ છે. આ વિભાગનું કારણ પણ તેઓનાં પૂર્વનાં કર્મ જ છે. આ ગુણોથી તેઓનાં કર્મના વિભાગ કરેલા છે. ૪૧.

शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ।।४२।।

શમ, દમ, તપ, પવિત્રતા, ક્ષમા તથા સરલતા, જ્ઞાન-વિજ્ઞાન અને આસ્તિક્ય એ સ્વભાવથી થયેલાં બ્રાહ્મણનાં કર્મ છે. ૪૨.

શમ એટલે શાંતિ અથવા ભગવાન પ્રતિ ચિત્તની વૃત્તિ; દમ એટલે ઇન્દ્રિયોનો સંયમ, તપઃ, પવિત્રતા, ક્ષમા તેમજ સરલતા, શાસ્ત્રીય જ્ઞાન વિજ્ઞાન એટલે પરમાત્માનું જ્ઞાન અથવા અનુભવ અને આસ્તિક્ય એ બ્રાહ્મણનાં સ્વભાવથી જ થયેલાં સ્વભાવથી જ થયેલાં એટલે સ્વાભાવિક કર્મ છે. **(ક્રમશ)**

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત
તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત

શ્રીભાગવતાર્થપ્રકરણમ્

સ્કન્ધ પાંચમો : સ્થાન

અનુવાદકઃ નાનુલાલ ગાંધી



ગતાંકથી આગળ....

અધ્યાય ૬ ; ઋષભદેવના સંન્યાસનું નિરૂપણ :

વિષયો સર્વ અવસ્થાઓમાં સમ્પૂર્ણ રીતે તજવા યોગ્ય હોવાથી ઋષભદેવે પોતાના મુખમાં પથ્થર મૂકેલો. તે એવા હેતુથી મૂકેલો કે મુખમાં કોઇ પણ - સાયુજ્ય મુક્તિનો અધિકારી પણ પ્રવેશ ન કરે. આથી એમ દર્શાવેલું છે કે યોગથી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલા સિદ્ધોએ સમ્પૂર્ણ રીતે સંગનો ત્યાગ કરવો જોઇએ. વળી તેમણે મુખમાં પથ્થર મૂક્યો એટલે વિષયોનો સમ્પૂર્ણ રીતે ત્યાગ કર્યો, કારણ કે વિષયોનો ભોગ પહેલાં મુખથી થાય છે. જે વસ્તુ પ્રાપ્ત થઇ હોય તેનો ત્યાગ કરી શકાય. જે પ્રાપ્ત થઇ નથી તેનો ત્યાગ થઇ ન શકે. તેથી ઋષભદેવ વિષયોનો ત્યાગ કરે તે માટે પહેલાં તેમને વિષયો પ્રાપ્ત થયેલા એમ દર્શાવવા જ (અ.૫।૩૨ માં) 'સૂતેલા જ ખાતા હતા' વગેરે કહેલ છે. તેમને તે સમયે પણ વિષયો ઉપર પ્રીતિ ન હતી. નિર્મલપણું યોગથી સિદ્ધિ પ્રાપ્ત કરેલા સિદ્ધોનું લક્ષણ છે. તેથી તે નિર્મલ હતા એમ જણાવવા જ તેમની વિષ્ઠાની સુગંધવાળો વાયુ ચારે તરફ દશ યોજન સુધીના પ્રદેશને સુગંધી બનાવતો હતો એમ અ.૫।૩૩ માં કહેલું છે (૫૮।।-૬૦)

ઋષભદેવનો દેહ અગ્નિથી બળી ગયેલાનું કહેલું છે (અ.૬।૮). સર્વ ગતિ અન્તે અગ્નિમાં જ છે એમ જણાવવા તે અગ્નિથી બળી ગયાનું કહેલું છે. ઋષભદેવ યોગના આચરણનું શિક્ષણ આપવા જેવી-જેવી દશા યોગિઓની થાય તેવી પોતાની થવાનું દેખાડતા હતા, તેથી જ તેમણે સિદ્ધિઓનો અંગીકાર ન કર્યો. આનાં કારણ તરીકે શ્લો.૩-૫ કહેલા છે. કારણ કે તેમણે સિદ્ધિઓનો અંગીકાર કર્યો હોત તો પણ મન તેમના તપનો નાશ કરી શકત નહિ, તેમ જ કામ-ક્રોધ વગેરેને તેમના સમ્બન્ધમાં અવકાશ મળત નહિ. તેવી જ રીતે યોગ આચરનારના શરીરની અન્તે આવી જ ગતિ થાય છે એમ જણાવવા તેમનો દેહ અગ્નિથી બળી જવાની કથા કહેલી છે. વાસ્તવિક રીતે તો આનંદમય દેહને અગ્નિ ઘેરી લે ત્યારે તેનો તિરોભાવ થાય છે (તેથી તેમનો દેહ બળ્યો ન હતો.)તેથી જ ''યોગીઓને પરલોક જવાની વિધિનો બોધ આપતાં પોતાના દેહનો ત્યાગ કરવાની ઇચ્છાથી તેમણે દેહના અભિમાનનો ત્યાગ કર્યો'' એમ ગદ્ય ૬માં કહી, પછી તે દેહ અગ્નિથી બળ્યાનું ગદ્ય ૭ માં કહેલું છે.

હરિએ પોતાના સ્વરૂપમાં સ્થિતિ કર્યાની

આ કથા એવી રીતે વર્ણવેલી છે, ૧૮ મા શ્લોકમાં એમ કહેલું છે કે ''ભગવાન્ મુકુન્દ પોતાનું ભજન કરનારને મોક્ષ આપે છે, પરન્તુ કોઇ વાર ભક્તિ આપતા નથી''તેનું તાત્પર્ય એવું છે કે ભક્તો ઉપર ઘણું પ્રસન્ન થયેલા ભગવાન્ ઋષભદેવને, આ કથામાં કહ્યું તેમ, ઘણો પ્રયાસ કરવો પડયો. મર્યાદામાર્ગમાં ભક્તો માટે ભગવાનને આવો પ્રયાસ કરવો પડે છે. તેથી શ્રીકૃષ્ણ કોઇને ભક્તિનું દાન કરતા નથી. મર્યાદાને લીધે જ ભગવાનને પ્રયાસ કરવો પડે છે (૬૧-૬૨)

પેટાપ્રકરણ ૨ ; યોગથી સ્વરૂપમાં સ્થિતિ :

૭ થી ૧૪ મા સુધીના અધ્યાયોનું બીજું પેટાપ્રકરણ છે. યોગના આઠ અંગો હોવાથી આ આઠ અધ્યાયોથી યોગની પ્રાપ્તિથી થતી સ્વરૂપમાં સ્થિતિનું નિરૂપણ કરેલું છે. અહીં યોગમાર્ગનું વર્ણન એટલા માટે કરેલું છે કે યોગનું આચરણ કરવામાં ન આવે તો મન ઘણું ચંચલ હોવાથી, બીજા સાધનો કરવા છતાં જો યોગથી મનને વશ કરવામાં ન આવે તો સ્વરૂપમાં સ્થિતિ પ્રાપ્ત ન થાય, અને બીજા સર્વ સાધન નિષ્ફળ થાય, ઋષભદેવના પુત્ર ભરતને એમ જ થયેલું. તેથી અહીં ભરતની જ કથા કહેલી છે.

અધ્યાય ૭ ; સ્વરૂપમાં સ્થિતિ થાય તેવાં યોગ સિવાયના સાધનો :

સાતમાં અધ્યાયમાં ભરતે સ્વરૂપમાં સ્થિતિ પ્રાપ્ત થાય તેવાં યોગ સિવાયના બીજા સાધનો કરેલાં તે વર્ણવેલાં છે.

તેણે પ્રજાનું પાલન કરેલું અને પોતે પણ મોટો જ્ઞાની હતો (ગદ્ય ૪). તે અનેક યજ્ઞો કરતો (ગદ્ય ૫) અને ફલનું વાસુદેવમાં ચિન્તન કરતો હતો. તેને રાગ રહ્યો ન હતો (ગદ્ય ૬). તેનું અન્તઃકરણ શુદ્ધ થયેલું અને તેને ભગવાનની મર્યાદા ભક્તિ પ્રાપ્ત થયેલી (ગદ્ય ૭). ધન વગેરે બધું પુત્રોને વહેંચી દઇ તે હરિક્ષેત્રમાં ગણ્ડકી નદીના તીરે ગયેલો(ગદ્ય ૮-૯). ત્યાં પરમ નિવૃત્તિ પ્રાપ્ત કરેલી(ગદ્ય ૧૧). સ્વરૂપમાં સ્થિતિ થાય તેવાં આ બધાં સાધનો તેણે આચરેલાં, છતાં તેણે યોગનું આચરણ કરેલું નહિ અને તેથી તેનું મન ચંચલ રહેલું (૬૨।।-૬૪)

અધ્યાય ૮; ભરતના મનનું ચંચલપણું અને તેનું પરિણામ :

આઠમા અધ્યાયમાં ભરતનું મન ચંચલ હોવાનું દર્શાવેલું છે. મન ચંચલ હોય, તે મરણ સમયે જેનું ચિન્તન કરતું હોય તે ફલ પ્રાપ્ત થાય છે. મન યોગ આચરવાથી સ્થિર થાય છે, અને યોગ આચરેલ ન હોય તેનું મન ચંચલ રહે તે યોગ્ય છે. તેથી ભરતનું મન ચંચલ હોવાથી તેનો પ્રવાહમાં પાત થયો (તે હરણ જન્મ્યો), એવું અધ્યાયમાં જણાવેલું છે.

ભરત મોક્ષ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો હતો અને તેનાં સાધનો પણ તેણે આચરેલાં છતાં પ્રારબ્ધકર્મ, કાલ અને સ્વભાવ મુક્તિ પ્રાપ્ત થવામાં સદા વિઘ્ન કરતાં હોવાથી તેનો પ્રવાહમાં પાત થયો. મર્યાદામાં મુક્તિ પ્રાપ્ત થવામાં આ સર્વ વિઘ્ન કરનારાં છે.

ત્યારે ભક્તિ પણ કર્મની પેઠે મોક્ષ પ્રાપ્ત કરાવવાની શક્તિ વિનાની જ હશે! - એવી શંકા થાય તો જાણવું કે વિઘ્ન કરનારાં હોય તો પણ ભક્તિ જ મોક્ષ પ્રાપ્ત કરાવી શકે છે. કર્મ વગેરે વિઘ્ન કરનારાં બલવાન હોય તો પણ ભક્તિ જ્ઞાન પ્રાપ્ત કરાવે છે (અને મોક્ષ અપાવે છે). તેથી જ શ્રીકૃષ્ણની સેવાથી ભરતને પૂર્વજન્મની સ્મૃતિ રહેવાનું, અને તે સંગરહિત રહી ફરતો હોવાનું કહેલું છે (અ.૧૨।૧૫) તેથી પાછળનું બધું ફલ

તેને ભક્તિને લીધે જ પ્રાપ્ત થયેલું એમ કહેવાયું. કારણ કે ભક્તિને લીધે તેને પૂર્વજન્મનું જ્ઞાન રહ્યું ન હોત, તો બીજા જીવો પેઠે તે વિષયોમાં આસક્ત થાત, અને બીજા જન્મો સુધી કૃતાર્થ ન થાત.

અધ્યાય ૯:

ત્યારે ભક્તિએ ભરતની તે જન્મમાં જ મુક્તિ કેમ ન કરાવી? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભરતે જ્ઞાન પ્રાપ્ત કરવા, જ્ઞાનનાં સાધન તરીકે ભક્તિ કરેલી, તેથી તેનાથી તે જ જન્મમાં તેને મોક્ષ પ્રાપ્ત થયો નહિ. ભક્તિનું સ્વરૂપ મોક્ષ અપાવનારું જ છે, છતાં સમ્પૂર્ણ રીતે મર્યાદા સચવાય તે માટે જ તેણે તે જ જન્મમાં ભરતને મોક્ષ પ્રાપ્ત કરાવ્યો નહિ. છતાં ત્રીજા જન્મમાં બ્રાહ્મણ અવતર્યો ત્યારે તેનો મોક્ષ થયો.

ત્યારે ત્રીજા જન્મમાં પણ ભરતને મોક્ષ પ્રાપ્ત થયાનું કેમ કહેલું નથી? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે મુક્તિનો અગીયારમો સ્કન્ધ છે. તેમાં 'જેનો ભોગ કરેલો તેવી આ પૃથ્વીને તજીને તે રાજ્યમાંથી નીકળી ગયો, અને તપથી હરિની ઉપાસના કરતાં તેણે ત્રણ જન્મમાં તેમનું સ્થાન પ્રાપ્ત કર્યું' (૧૧।૨।૧૮।) એમ તેને મુક્તિ પ્રાપ્ત થયાનું કહેવાનું હોવાથી આ સ્કન્ધમાં તે કહેલ નથી.

શંકા : દેહ તો (ભક્તિનું) બહારનું સાધન હોવાથી તે હરણ જન્મેલો ત્યારે પણ ભક્તિ કરવાથી તે કૃતાર્થ થાત જ, છતાં બ્રાહ્મણ જન્મ્યો ત્યારે પણ તેણે ભક્તિ કેમ ન કરી અને કાલ(મૃત્યુ)ની રાહ શા માટે જોઇ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે મોક્ષમાં વિઘ્ન કરનારાં કાલ કર્મ સ્વભાવ વગેરેને દૂર કરવાનું સાધન યોગ છે એમ જ તે માનતો હતો, તેથી જ હરણ જન્મ્યો ત્યારે પશ્ચાતાપ કરતાં; મોક્ષનાં સાધન સર્વ પોતે કરેલાં તે કહેતા 'સ્થિર મન' જ પ્રાપ્ત કરવા યોગ્ય હોવાનું તેણે કહેલું અને 'મનને સ્થિર કરવું એ ઉત્તમ યોગ છે' એ વાક્ય પ્રમાણે તેણે તે કહેલું. કર્મ વગેરેને તે મોક્ષનાં સાધન માનતો ન હતો. જો કે ભગવાનની ઉપાસનારૂપ કર્મ મોક્ષનું સાધન છે, પણ ભરત ઘણો દુઃખી થયેલ હોવાથી (બ્રાહ્મણજન્મમાં) મોક્ષ પ્રાપ્ત કરવામાં કાલનો વિલમ્બ સહન કરી શક્તો નહિ, અને કર્મ અદૃષ્ટ દ્વારા જ હિતકારી થાય તેવું હોવાથી અને તે કર્યા પછી મોક્ષ મળતાં પહેલાં વચ્ચે કાલ વગેરેથી અદૃષ્ટનો નાશ થવાનો સંભવ હોવાથી, તે કર્મને હીતકારી માનતો ન હતો. કારણ કે તે જાણી શકાય તેવા પ્રકારે હિત કરનાર નથી. વળી જો તેની ભક્તિ ભગવાન ઉપર સ્નેહરૂપ હોત તો તે ભક્તિ સાથેનાં ફલ તરીકે જ તેનું મન સ્થિર થાત, પરન્તુ તેની ભક્તિ સ્વતંત્ર (ભગવાન ઉપરના સ્નેહરૂપ) ન હતી, પરન્તુ તે જ્ઞાનનાં સાધનરૂપ જ હતી, તેથી ત્રીજા બ્રાહ્મણના જન્મમાં પણ તે ભક્તિથી તેને જ્ઞાન જ થયું, અને તે જ્ઞાન પણ સંસારમાં વૈરાગ્ય કરાવે તેવું જ થયું, પણ બીજું કાંઇ ફલ આપે તેવું ન હતું. જેમ ચિન્તામણિને કોઇ કાચા ચોખા આપનાર માને(અને તેની પાસે કાચા ચોખા માગે), તેને તે રાંધેલા ભાત આપતો નથી અને ભૂખ મટાડતો નથી, તેમ ભક્તિને તે જ્ઞાનનું સાધન જ માનતો હોવાથી ભક્તિથી તેને જ્ઞાન જ પ્રાપ્ત થયું. પછી તે ભક્તિ પોતાની જાતનાં કીર્તન સ્મરણ વગેરે કાર્યોથી વૃદ્ધિ પામે ત્યારે તે મોક્ષ આપે છે. તેથી તેણે મોક્ષનાં જે સાધનો કરેલાં તેમનો; તેણે યોગ ન આચરવાથી બીજું ફલ પ્રાપ્ત કરાવવામાં ઉપયોગ થઇ ગયો. તેથી પછી તેણે યોગથી જ મનની સ્થિરતા પ્રાપ્ત કરવા માટે તરત જ તે આચર્યો (૬૫-૬૯) **(ક્રમશઃ)**

શ્રીવલ્લભાખ્યાન રસદર્શન

વલ્લભાખ્યાન – ૯

સંકલન : વિમલ ભટ્ટ



ગતાંકથી આગળ...

હવે પાંચમાં પુત્ર શ્રીરઘુનાથજીનું વર્ણન કરી રહ્યા છે...

શ્રીરઘુપતિ અતિ ગજગતિ રતિપતિ કરું બલિહાર રે રસના।।
જાનકી જીવન એ સદા મધ્ય મણિરત્નમય હાર રે રસના।।૯।।

શ્રીરઘુપતિ શ્રીરઘુનાથજી. શ્રીગુસાંઇજીના પાંચમા પુત્ર. નામથી મર્યાદા પુરૂષોત્તમત્વ સૂચન કરીને; હવે પૂર્ણપુરૂષોત્તમત્વ વિશેષણ દ્વારા સૂચન કરી રહ્યા છે. **અતિ ગજગતિ.** હાથી કરતા પણ જેમની સુંદર ચાલ છે. અથવા ગજ એટલે ગજેન્દ્રની જેમનાથી અતિગતિ છે એવા. ગજેન્દ્રને મોક્ષ આપવા વાળા. અહીં ગજેન્દ્રને મોક્ષ દેવાવાળા શ્રીપુરૂષોત્તમ જ છે; તેનું નિરૂપણ શ્રીહરિરાયજીએ સપ્તશ્લોકીમાં ''યદી ન હરિમાર્ગે પરિચય'' તેના વ્યાખ્યાનમાં સ્પષ્ટ રીતે કરેલું છે. શ્રીરઘુનાથજી કેવા છે? **રતિપતિ કરું બલીહાર રે. રતિપતિ.** કામદેવ. તેને **બલિહાર કરું.** વારીદઉં. (બલિ અર્થાત્ પૂજાનું સાહિત્ય. તેનો હાર એટલે તેને ઉઠાવીને ચાલવા વાળો દાસ. બલિહાર શબ્દનો આવો અર્થ પ્રાચીન ટીકામાં લખેલો છે. એ પ્રમાણે કામદેવને બલિહાર કરું અર્થાત્ આપનો દાસ બનાવો. એટલે કે આપના ઉપરથી તેને વારી જાઉં. એવો અર્થ સમજવાનો છે.) અહીં રતિપતિ શબ્દ કામવાચક કહ્યો છે. એનો અર્થ બંને સ્વરૂપની (શ્રીજાનકીજી અને રઘુનાથજી) ઉપમા લાયક રતિ અને કામ બંને નથી. તેમનું સ્વરૂપ તો અત્યંત કનિષ્ઠ છે. આનો ભાવ એવો છે કે એ બંનેનું સ્વરૂપ અલૌકિક છે. આ રીતે પૂર્ણપુરૂષોત્તમત્વ બતાવી મર્યાદાપુરૂષોત્તમત્વ સૂચન કરવા વિશેષણ કહી રહ્યા છે. **જાનકી જીવન એ સદા. જાનકી.** શ્રી જાનકી વહુજીના. એ રઘુનાથજી. **જીવન.** પ્રિય પતિ. **સદા.** નિત્ય. આ શબ્દોથી બંને સ્વરૂપના પરસ્પર અનિર્વાચ્ય અને નિત્યપૂર્ણ સ્નેહનું સૂચન કર્યું. અથવા તો... એ. શ્રીરઘુનાથજી. **સદા જાનકી જીવન.** તેનો ભાવાર્થ એ કે; રામાવતારમાં પણ આપ જાનકીના પતિ જ હતા. અથવા નિત્યલીલાના અભિપ્રાય થી સદા પદ કહ્યું છે. હવે આપ કેવા છે? **મધ્ય મણિરત્નમય હાર.** જેવી રીતે રત્નમય હાર એટલે કે મણિઓની માળા હોય તેમના મધ્યમાં મોટું મણીનું પદક હોય એ રીતે આપ શ્રીરઘુનાથજી છ બાલકોની મધ્યમાં અત્યંત શોભી રહ્યા છે. આનો ભાવાર્થ એ છે કે શ્રીરઘુનાથજીમાં પૂર્ણ પુરૂષોત્તમત્વ અને મર્યાદા પુરૂષોત્તમત્વ બંને રહેલાં છે. તેથી જ શ્રીરઘુનાથજીના ઘરમાં રામનવમીનો ઉત્સવ વિશેષ રીતે મનાવવામાં આવે છે. અહીં આપની **શ્રીરૂપતા** પણ બતાવી. (આ તૂકમાં કામદેવ કરતા પણ વધારે સુંદરતા બતાવી. એના દ્વારા એવું સૂચન કરી રહ્યા છે કે રામાવતારની અંદર અગ્નિકુમારોનો ઉદ્ધાર આપે જ કરેલો છે. અતિ ગજગતિ શબ્દ દ્વારા ભક્તના પક્ષપાતનું સૂચન

પણ કર્યુ અને સદા પદ થી નિત્યલીલાનું પણ સૂચન કરેલું છે. અહીં **પ્રાયો બતાંબ વિહગાઃ** (શ્રીમદ્‌ભાગવત ૧૦/૧૮/૧૪) વગેરે સ્થળોએ કહેવામાં આવેલ અલૌકિક શ્રીનું વર્ણન સ્પષ્ટ થાય છે.)

આગળ છઠ્ઠા પુત્ર શ્રીયદુનાથજીનું વર્ણન કરી રહ્યા છે...

'શ્રીયદુપતિ' જીવન જગતના સદા મન પ્રસન્ન ઉલ્લાસ રે રસના।।
નાહ તે 'શ્રીમહારાણી' તણાં મુખમાધુરી વિલાસ રે રસના।।૧૦।।

યદુપતિ; શ્રીગુસાંઇજીના છઠ્ઠા પુત્ર શ્રીયદુનાથજી. (યદુપતિ સર્વ યાદવોના પતિ. આવા તો શ્રીપુરૂષોત્તમ જ છે. જેનું વર્ણન રાજસ પ્રકરણ વગેરે સ્થળોમાં પ્રસિદ્ધ જ છે. તેથી જ આ નામથી પુરૂષોત્તમ પણું સૂચિત થાય છે.) આ નામથી પુરૂષોત્તમત્વ સૂચિત કરી રહ્યા છે. તેને વિશેષણ દ્વારા સ્પષ્ટ કરવા માટે કહે છે, **જીવન જગતના. જગત;** સમગ્ર ચરાચર જીવ. તેમના જીવન; જીવનદાન આપનાર. સર્વ જગતને જીવાડનાર તો પુરૂષોત્તમ જ છે. આ નિરૂપણ ઉપનિષદમાં કરવામાં આવ્યું છે. શ્રીયદુનાથજી આપ કેવા છે..? સદા; નિત્ય ત્રિકાલબાધ્ય એવા. મન પ્રસન્ન; લીલા સંબંધી વ્રજભક્તનું મન જેમનાથી ઉલ્લાસ યુક્ત છે. આ રીતે નામ અને બે વિશેષણ દ્વારા ક્રમથી સચ્ચિદાનંદત્વ (યદુપતી એ સ્વરૂપથી સદ્‌રૂપતા, સર્વ જગતના જીવન તેનાથી ચિદ્‌ રૂપતા અને મન પ્રસન્ન હુલાસ તેનાથી આનંદ રૂપતા સૂચિત થાય છે.) નિરૂપણ કરી હવે અવતાર સંબંધી વિશેષણ કહી રહ્યા છે. **નાહ તે મહારાણી તણાં.** વેદાદિકમાં પ્રસિદ્ધ અને શ્રીમહારાણી વહુજીના નાહ એટલે કે નાથ-પતિ. તેથી જ શ્રીયદુનાથજીને મહારાજજી કહેવામાં આવે છે; એ યુક્ત જ છે. શ્રીયદુનાથજી કેવા છે..? તો કહે, **મુખ માધુરી વિલાસ. મુખ;** પ્રભુના મુખારવિંદ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી. તેમની **માધુરી;** એટલે સુબોધિનીજી, ભાષ્ય આદિ શ્રીમહાપ્રભુજીના ગ્રંથો. તેમાં જેમનો **વિલાસ;** એટલે કે વિનોદ છે તેવા. આનો ભાવાર્થ એ છે કે શ્રીયદુનાથજી સચ્ચિદાનંદ સ્વરૂપ છે અને નિરંતર શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો અભ્યાસ કરે છે. આ રીતે જ્ઞાનરૂપતા પણ બતાવી. (આ તુકમાં જ્ઞાનરૂપતા સૂચિત થાય છે. કારણ કે જીવના સંબંધથી સર્વનું જીવન છે; જીવ બધા પ્રભુના સ્વરૂપભૂત જ્ઞાનના અંશ છે, તેથી સર્વ જગતના જીવન જ્ઞાનાત્મક સ્વરૂપ જ છે. અહીં **મન પ્રસન્ન ઉલ્લાસ** એનો અર્થ લીલાસ્થ શાસ્ત્રીય ભક્તોને આનંદ આપનાર એવો કર્યો છે. તેથી જ ભાગવતમાં ''નદ્યઃ સદા તદુપધાર્યં'' (ભાગવત પુરાણ ૧૦/૧૮/૧૫) વગેરે સ્થળોમાં જ્ઞાનનું વર્ણન કરાયું છે. વેદ વગેરેમાં પ્રતિપાદિત નિત્ય સ્વરૂપ પણ 'જ્ઞાનઘન' કહેવાય છે અને શ્રીમહાપ્રભુજીના ગ્રંથોના અભ્યાસથી પણ સર્વ પ્રકારનું જ્ઞાન થાય છે. આ રીતે આ તુકમાં સર્વ પ્રકારે જ્ઞાનનું વર્ણન કર્યું.) **(ક્રમશઃ)**



।। पञ्चपद्यानि ।।

टिका : गोस्वामी श्रीनृसिंहलालजी महाराजकृत



गतांकथी आगळ...

जलभेदमें २० प्रकारके विभिन्न भक्त ओर विनके भावन् कों जलको दृष्टान्त देयकें निरूपित किये हें। सो जेसें जल शुष्क वस्तुकुं आर्द्र करे हे तेसें ऊपर लिख्ये भक्तन्के भावहु श्रवण करिवेवारे मनुष्यन्के हृदयकुं आर्द्र करे हे एसें जतायवेकेलिये जलको दृष्टान्त देयके निरूपण कियो हे। शास्त्रमें जो अष्टादश विद्या लिखी हे ताकरिके प्रतिपादित एसे भगवान्के गुणहु अठारह प्रकारके हें, तासूं वे भक्तहु अष्टादश विद्याप्रतिपादित गुणमें तत्पर होयवेसूं केवल मर्यादामार्गीय अष्टादश प्रकारके हें। ओर पुष्टिमार्गीय, शुद्ध तथा मिश्र एसे भेदसूं दो प्रकारके हें। इतने अष्टादश प्रकारके मर्यादामार्गीय भक्त ओर दो प्रकारके पुष्टिमार्गीय शुद्ध तथा मिश्र मिलिकें भक्तन्के २० प्रकार भये। अथवा सात्विकादिक तीन गुणन्के परस्पर मिश्रणसूं भावके ९ भेद ओर १ निर्गुण एसें सब मिलिके १० भेद भये। सो मर्यादा ओर पुष्टि के दश-दश भेद मिलिकें २० प्रकारके भक्त भये। तिनके भावहु विनमेंही रहे हें। तासूं बीस प्रकारसूं जलभेदमें निरूपित किये हें।

अब जलभेदमें कहे बीस प्रकारके भक्तन्के मुखसूं विनके भावनकुं ग्रहणकरिवेवारे श्रोतान्को या ग्रन्थमें निरूपण करत हें। सो पुष्टि तथा मर्यादाके भेदसूं दो प्रकारके हें। तामें पुष्टिमार्गीय श्रोता उत्तम हें सो एक प्रकारके हें; ओर मर्यादामार्गीय मध्यम अधम ओर उत्तम एसे भेदसूं तीन प्रकारके हें। एसें कुल चार प्रकारके भक्तन्को निरूपण करिवेकेलिये प्रथम मुख्यपनेसूं पुष्टिमार्गीय श्रोतान्को निरूपण करत हें।

श्रीकृष्णरसविक्षिप्त-मानसा रतिवर्जिताः ।।
अनिर्वृता लोक-वेदे ते मुख्याः श्रवणोत्सुकाः ।।१।।

श्रीकृष्ण-रस-विक्षिप्त-मानसाः = श्रीकृष्णके रसमें जिनको मन विक्षिप्त रहतो होय एसे भक्त (अन्यत्र=अन्य कहुं), रतिवर्जिताः = आसक्तिसूं रहित, लोक-वेदे = लोक ओर वेदमें, अनिर्वृताः = आनन्दरहित, (ये = जो) श्रवणोत्सुकाः = सुनिवेमें उत्सुक, ते = वे, मुख्याः = मुख्य हें

भावार्थ : श्रीकृष्णको जो भजनानन्दरूप रससों जिनको मन विक्षिप्त होय गयो हे, ओर तासों भगवान्के चरित्रन्कुं सुनिवेमें अप्रीतिसूं वर्जित इतने प्रीतिवारे ओर लोक तथा वेद में जिनकुं आनन्द प्राप्त नाहीं होय हे एसे जो श्रवणमें उत्साहवारे श्रोताजन हें सो मुख्य हें।

टीका : इतने, भगवान्के चरित्र नाहीं सुनिवेरूप जो अप्रीति हे सो मर्यादा ओर पुष्टि एसें मार्गके भेदसूं दो प्रकारसूं निवृत्त होय हे। तामें मर्यादामार्गमें जाकुं श्रवण करिवेकी इच्छा होय ओर श्रद्धायुक्त होय ताकुं महत्पुरुषकी सेवासों ओर पुण्यतीर्थके सेवनसों रुचि उत्पन्न होय हे एसें प्रथमस्कन्धमें कह्यो हे। ओर

पुष्टिमार्गमें तो जेसें भ्रमरगीतमें व्रजभक्तन्ने कह्यो हे जो ''विनकी कथाको अर्थ दुस्त्यज हे'' सो रसके स्वभावसूं ही भगवत्कथामें रस उत्पन्न होय हे। तासूं जो भगत्कथामें अरतिकरिके वर्जित कहे हें वे पुष्टिमार्गीय हें एसें समजवे के लिये ये लक्षण कह्यो हे। एसें पुष्टिमार्गीयश्रोतान्कुं भगवच्चरित्रके श्रवणमें अप्रीति नाहीं हे एसो निरूपण करिवेकेलिये लोकवेदमें इनकुं आनन्द नाहीं होय हे सो कहत हें; जो प्रवृत्तिमार्गको बोध करिवेवारे अथवा भगवान् विना ओरको भजन बतायवेवारे लोक ओर वेदमें स्वस्थ नाहीं हें। सो भगवान्नें उद्धवजीकुं व्रजमें सन्देश लेयकें पठाये तब कह्यो हे जो ''जिनने लोकके धर्म छोडे हें उनको पोषण में करुं हुं''। तासूं यहां ''लोकवेदमें अनिर्वृत्त'' (लोकवेदे) एसें समस्तपद कह्यो हे सो त्याज्यपनेमें (लोकवेद) दोयन्की तुल्यता जतायवे के लिये हे। तासूंही पञ्चाध्यायीमें श्रीगोपीजन्ने कह्यो हे जो ''दु:खकुं देयवेवारे पतिसुतादिकन्करिके कहा हे ?'' ओर भ्रमरगीतमें कह्यो हे जो ''दु:खके समुद्रमें मग्न भये व्रजको उद्धार करो''। इतने दु:खसागरमें निमग्न व्रज हे वाको उद्धार आपही करो परन्तु आपने उद्धृत किये एसे वेदसों हम उद्धार करिवेयोग्य नाहीं हें एसे अभिप्रायसूं प्रार्थना करी हे। एसें पुष्टिमार्गके प्रकारकरिके अप्रीतिके अभावपूर्वक प्रीतियुक्त हें ते मुख्य हें।

अथवा 'मुख्य' शब्दको दूसरो अभिप्राय कहत हें: मुखरूप जो पुष्टिमार्गीय भक्ति हे तामें वे भये हें; इतने भक्तिरूप जो भगवान्को मुखारविन्द हे तिनमें संलग्न एसे, अलकावलीपनेसूं कहीवेमें आवते एसे, पुष्टिमार्गीय जीव केवल भक्तिमात्रको आश्रय करिके रहत हें, ते मुख्य हें।

तहां सन्देह होय जो मूलमें तो ''लोक-वेदमें अनिर्वृत हें'' एसें कहिके भगवान्में प्रीतियुक्त एसो अर्थ होय हे, श्रवणादिकमें प्रीतियुक्त हें एसो अर्थ तो गौणरीतिसूं आवे हे तासूं मुख्यश्रोतापनो केसें ? एसी शंका करिके कहत हें जो भगवान्में प्रीतिवारे हें तोहु वियोगकालमें तो श्रवणमेंही उत्साहवारे हें क्यों जो परोक्षमें विनको सन्देश लायवेवारेमें प्रीति देखिवेमें आवत हे, तासूं श्रवणमें उत्साह स्पष्ट जान्यो जाय हे। तासूं ही भ्रमरगीतके अध्यायमें कह्यो हे जो ''उद्धवजीकुं देखिकें; ये प्रभुके चरणाविन्दके आश्रयवारे हें एसें जानिकें सब आडिसूं मिलकें विनकुं घेरलिये''। इतने श्रोताजन आप भगवान्के रसमें मग्न हें, भगवान्के रससूं विनको मन विक्षिप्त हे, भगवान्के चरित्र सुनिवेमें सहज भावयुक्त हें, भगवान्के विप्रयोगकी आर्तिकरि युक्त हें ओर भगवान्की वार्त्ताके श्रवणमात्रमेंही एकबुद्धिवारे हें सो पुष्टिमार्गीय श्रोता हें ।।१ ।।

एसें पुष्टिमार्गीय भक्तन्को निरूपण करिके मर्यादामार्गीयन्को निरूपण करत फहें। तामें उत्तम बहोत दुर्लभ हे तासूं मध्यको निरूपण करत हें :

विक्लिन्नमनसो ये तु भगवत्-स्मृतिविह्वला: ।।
अर्थैकनिष्ठास् ते चाऽपि मध्यमा: श्रवणोत्सुका: ।।२ ।।

तु = ओर, विक्लिन्नमनस: = विशेषकरिके कोमल मनवारे (च=ओर), भगवत्स्मृति-विह्वला: = प्रभुकी स्मृतिसूं विकल होयजावेवारे, श्रवणोत्सुका: = सुनवेमें उत्साहवार, ये = जो, अर्थैकनिष्ठा: = अर्थमात्रमें निष्ठावारे, अपि = हु, ते = वे, मध्यमा: = मध्यम

भावार्थ : विशेषकरिके जिनको आर्द्र मन हे, भगवान्की स्मृतिसों विह्वल हें ओर अर्थमें मुख्यनिष्ठा हें एसे श्रोताजन मध्यम कहे जाय हें।

टीका : इतने भगवान्में परायण होयवेसूं जिनको मन कोमल होय सो 'आर्द्र' कह्यो जाय हे। जेसें आर्द्र (भीज्यो) वस्त्र होय सो सूकेमें धरिवेसूं सूकेकुंहु आर्द्र करत हे तेसें जिनको मन अपने सम्बन्धवारे रूक्षकुंहु आर्द्र करत हे सो शुकदेव आदिजेसे समजनें। मूलमें 'ये' कह्यो हे तासूं सर्वत्र प्रसिद्ध एसे मर्यादामार्गीय कहे हें। ओर 'तु' शब्दसूं पुष्टिमार्गीयन्को व्यावर्त्तन किया

हे. विक्लिन्नमन तो पुष्टिमार्गीयन्कोहु होय हे तासूं पुष्टिमार्गीयन्के धर्मसूं भिन्न धर्म कहत हें: भगवान्की स्मृतिसों विह्वल हें। इतने श्रवणके समयमें ऐश्वर्यादि षड्गुणसम्पूर्ण एसें भगवान्की स्मृतिसों विह्वल होय हें। ऊपर लिखे एसे दोय धर्मकरिके उत्तमपनो विनमें भासत हे। तासूं स्पष्टरीतिसूं मध्यमपनो बतायवेवारो धर्म कहत हें: अर्थमेंही मुख्य निष्ठावारे हें। इतने मोक्षादि पुरुषार्थ अथवा अपनी कृतार्थता होय येही विनको मुख्य प्रयोजन हे, वामेंही निष्ठावारे हें। मुख्यपनेसूं चरित्रमें निष्ठावारे नाहीं हें। अर्थात् फलकी अपेक्षावारे हें तासूं मध्यम गिने हें।

अब कहत हें जो एसे श्रोताही होय नाहीं। क्यों जो श्रोतान्कों अर्थमें तात्पर्य होय नाहीं। एसी आशंका होय तहां कहत हें जो श्रवणसूं साध्य एसो जो फल तामें इनको तात्पर्य हे। मोक्षादि फलमें तात्पर्यवारे हें तोहु भगवान्के चरित्रमें उत्कंठावारे हें तासूं मध्यमपनो हे। जेसें परीक्षितादिकन्कुं दूसरे करतें पूर्ण वैराग्य होयवेसूं उत्तमपनो हे तथापि उपाधिसहीत प्रवृत्ति होयवेसूं विदुर तथा उद्धवादिककी अपेक्षासूं मध्यमपनो हे। तासूंही गङ्गाजीमें परीक्षितने प्रायोपवेश कियो सो तीर्थके कारणसूं कियो हे। यदि वाके मनमें तीर्थकी अपेक्षा नाहीं होती तो भगवान्को चरित्र, दूसरे साधनकी अपेक्षा नाहीं राखिके, जहां बेठके श्रवण करे तहां फलकुं सिद्ध करिवेवारो हे। क्यों, जो भगवान्कुं जेसें तीर्थकी अपेक्षा नाहीं हे तेसें उनके चरित्रकुंहु नाहीं हे। ओर विदुरजी तो चरित्र सुनिवेकेलिये जहां मैत्रेयजी हते वहां गये हें; इतने वक्ताके सन्निधान जायवेको उद्देश हतो, गङ्गाजीपें जायवेको उद्देश नाहीं हतो, तासूं उत्तमपनो हे। परीक्षित् ओर विदुरजी दोउन्को मर्यादापनो तो समान हे तथापि मर्यादामार्गमें जितनी शुद्धि होय तितनी फलमें विशेषता होय; तासूं विदुरजीमें तीर्थाटन ओर सत्सङ्ग सूं श्रवणको अधिकार सिद्ध भयो हे ओर परीक्षितमें तो स्पष्टही हे। तासूंही सिद्धान्तमुक्तावलीमें मर्यादामार्गीन्कुं गङ्गाजीके तटपे श्रीभागवतमें तत्पर होयके रहीवेकी आज्ञा करी हे ।।२ ।।



પુષ્ટિચિન્તન

ડો. જયેન્દ્ર સોની



(ગતાંકથી આગળ...)

વાસ્તવિકતાનો વિચાર

આપણે ગુરૂ દ્વારા બ્રહ્મસંબંધ કરીએ એટલે જ કૃતાર્થ થઇ ગયા તેમ માની બેસીએ છીએ. શ્રીવલ્લભાચાર્યજીને ગુરૂ તો માની લીધા પરંતુ તેમની ઉપરોક્ત આજ્ઞાઓનું પાલન કેટલું કરીએ છીએ? તેમણે નિર્દેશ કરેલા ઉપદેશોનું આચરણ આપણા જીવનમાં કેટલું કરીએ છીએ? આ આત્મચિંતનનો વિષય છે. 'શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો મુજબનું જીવન આજના યુગમાં હાલની દેશકાળ પરિસ્થિતિમાં શક્ય નથી' એવી માનસિકતા આપણે ધરાવીએ છીએ. 'જે પ્રકારનું જીવનયાપન ચોર્યાસી -બસ્સો બાવન ભગવદીયોનું હતું તે આજના સમયમાં મુશ્કેલ જ નહીં, અસંભવ છે.' એવી દલીલો આપણે કરીએ છીએ. આજના ભૌતિક વાતાવરણમાં મહાનગરોનું અતિ વ્યસ્ત જીવન, સમયનો અભાવ, જગ્યાનો સંકોચ , પરિવારજનોનો અસહયોગ, આર્થિક મુશ્કેલીઓ વગેરે વગેરે અનેકાનેક બહાના, તર્ક-વિતર્ક દલીલો કરી આપણા ગુરૂ શ્રીવલ્લભાચાર્યજીએ બતાવેલ માર્ગે ચાલવાની અસમર્થતા પ્રગટ કરી આપણે મનને મનાવી લઇએ છીએ. 'ગૃહસેવા તો આજના યુગમાં સંભવ જ નથી,' તે સાબિત કરવા અનેક કારણો આપણી પાસે છે. હાં, આપણે વૈષ્ણવ છીએ તેમ જરૂર કહેવડાવવું છે. માટે ક્યારેક અનુકૂળતા એ ભગવન્મંદિરે જઇ શ્રીઠાકોરજી આગળ હાજરી પુરાવી દઇએ છીએ. કદાચ થોડો સમય કાઢી અષ્ટાક્ષરની એકાદ માળા કરી લેતાં હોઇશું અને આર્થિક સમૃદ્ધિ હશે તો શ્રીનાથજી કે વ્રજની ક્યારેક યાત્રા પણ કરી લેતાં હોઇશું અને દાન-દક્ષિણા-ભેટ આપી કૃતાર્થતા અનુભવતાં હોઇશું. આમ એક સારા વૈષ્ણવ ભગવદિય હોવાની પ્રતિતિ આપણે સમાજને કરાવતાં રહીએ છીએ. પરંતુ જેમ કહ્યું છે.

ગૃહસ્થિતેરુત્કૃષ્ટત્વં ન ભગવદિયત્વ માત્રેણ કિંતુ।
ભગવતા સહ સ્થિત્વા, ભગવત્કાર્યાર્થ વા અન્યથા ન સ્થાતવ્યમ્।

અર્થાત્-મનુષ્ય ભગવદીય હોય એટલા માત્રથી જ એના ગૃહવાસને ઉત્તમ માની ન શકાય. એ જો ભગવાનની સાથે (ભગવાનને પધરાવીને) ગૃહમાં વાસ કરે અથવા જો ભગવાનના કાર્ય માટે (ભગવત્સેવા કરવાના હેતુથી) ગૃહમાં નિવાસ કરે તો તેનો ગૃહવાસ ઉત્તમ છે. અન્યથા ગૃહસ્થિતિ યોગ્ય નથી જ.

આપણી ઉપરોક્ત તર્ક-વિતર્ક અને દલિલોનો ઉચ્છેદ કરનારૂં આપણી આંખ ઉઘાડનારૂં એક જીવતું જાગતું દૃષ્ટાંત (વાર્તા નહીં પરંતુ હકિકત) તરફ જરા દૃષ્ટિપાત તો કરીએ.

નામ છે તેનું સાર્જેટ 'પાર્થસારથિદાસ.' (કેટલું સૂચક!) ઇરાકમાં રહેતો પાર્થ સારથિદાસ

અમેરિકન લશ્કરમાં સૈનિક છે. મૂળ રૂઢિચુસ્ત અમેરિકન યહુદિ પરિવારનો દિકરો, ન્યુયોર્કના બ્રુકલિનમાં તેનો જન્મ અને ઉછેર, નજીકમાં જ ઇસ્કોન (આંતરરાષ્ટ્રિય કૃષ્ણ ભાવનામૃત સંઘ)નું રાધા ગોવિંદ મંદિર, રસ્તા પર પુસ્તકો અને પ્રસાદ વિતરણ કરતાં કૃષ્ણભક્તોને આ નાનકડો યહુદી બાળક રોજ જુએ. ક્યારેક તેના પપ્પાને દબાણ કરીને ભક્તોને ડોનેશન દેવડાવે. નાનપણથી જ કૃષ્ણનું વળગણ તેને લાગી ગયું. નાની વયથી ભગવદ્ ગીતાનું વાંચન તેણે શરૂ કરી દીધું. આ વાત છે ૧૯૯૪ની સાલની. યુવાન થતાં ૧૯૯૮-૯૯માં તેણે લશ્કરી તાલીમ પ્રાપ્ત કરી અને બોસ્નીયાકોસાવામાં તેની નિમણુક થઇ ત્યાં ભયંકર રક્તપાત વચ્ચે તેણે કાર્ય કર્યું. મનમાં મનોમંથન ચાલે. ત્યાં એક મેગેઝિનમાં શેલ્ટર નામના એક હરેકૃષ્ણના સભ્યનો ઇન્ટર્વ્યુ વાંચી તે ઘણો જ પ્રભાવિત થયો અને જર્મનીમાં ઇસ્કોનના મંદિરે જઇ કૃષ્ણભક્તિના મિશનમાં જોડાઇ ગયો. સૈનિક તરીકેની નોકરી તો ચાલુ જ. બર્લિનના ઇસ્કોન મંદિરમાં ૧૫ એપ્રિલ ૨૦૦૫ના રોજ ત્યાંના સંન્યાસી કદમ્બ કાનન મહારાજ પાસે દિક્ષા ગ્રહણ કરી 'પાર્થ સારથિદાસ' નામ ધારણ કર્યું. ગુરૂએ ઇસ્કોનના સંસ્થાપક શ્રીપ્રભુપાદના પુસ્તકોનું અધ્યયન અને કૃષ્ણભક્તિના પ્રચારની શીખ આપી. જેનું ત્યારથી તે અક્ષરસઃ પાલન કરી રહ્યો છે. ઇરાક જેવા મુસ્લિમ દેશમાં પણ તે ગીતા અને વૈદિક સાહિત્યના કેટલાય પુસ્તકોનું અને ૫૦,૦૦૦થી વધુ પ્રસાદના પેકેટનું વિતરણ કરી ચૂક્યો છે.

જ્યારે તે લશ્કરી મિશન પર નીકળે ત્યારે પણ તેના ખિસ્સામાં પોકેટ ગીતા અચુક હોય. તેની પાસે બે ગોવર્ધનની શિલાઓ છે. જેનો તે નિત્ય કૃષ્ણ-બલરામ તરીકે શણગાર કરે છે. પાર્થની બેરેક જુઓ તો બ્રહ્મચારીનો આશ્રમ લાગે, એ જમીન પર જ સૂવે છે. રાતે એક વાગે પથારીમાંથી બેઠો થઇ સાડા ત્રણ વાગ્યા સુધી હરેકૃષ્ણ મંત્રનો જાપ કરે. સાડા ચાર વાગે અન્ય સૈનિકોની હાજરીમાં મંગલા આરતી કરે. પછી છ થી સાત વાગ્યા સુધી ફિઝીકલ ટ્રેનિંગ અને પરેડ. અઠવાડિયે છુટ્ટી મળે ત્યારે અન્ય સૈનિકો માટે મેડિટેશનનો કાર્યક્રમ, ભગવદ્ગીતા પર ચર્ચા અને પુસ્તક વિતરણ. દિવસમાં માંડ ત્રણ કલાક સુવા મળે. તે કહે છે કે આર્મી મને પ્રભુની સેવા કરવા માટે સમય આપતી નથી. એટલે તે માટે સમય ચોરવો પડે છે. પોતે કૃષ્ણ ભક્ત હોઇ કાંદા લસણનો ત્યાગ તો સ્વાભાવિક છે, પરંતુ લશ્કરના રસોડાનું માંસાહારી ભોજન કેમ ચાલે? માટે તે કહે છે કે 'ફક્ત હળદરવાળી દાળ, ફળ અને સુકોમેવો મારા ભગવાનને ભોગ ધરાવી તેનાથી મારૂં જીવન નિર્વાહ કરૂં છું.'

પોતાની સૈનિક તરીકેની લશ્કરી ફરજ બજાવતાં પાર્થ સારથીદાસ કહે છે કે ત્યાંના સૈનિકો જે સંજોગોમાં મુકાયા છે, એની ભગવદ્ગીતાની પાર્શ્વભૂમિ જેવી જ પરિસ્થિતિ છે. તેણે કૃષ્ણભક્તિના પોતાની છાવણીમાં પ્રચાર દ્વારા અમેરિકન લશ્કરના વીસેક જેટલા સૈનિકોને કૃષ્ણભક્ત બનાવ્યા છે, જેની સાથે તે નિત્ય સત્સંગ કરે છે. હિન્દુધર્મની પરંપરા મુજબ મરણ સન્મુખ રહેલા સૈનિકો સામે તે અવશ્ય ગીતાપાઠ કરે છે. જીવનના અંતકાળે ગીતાના શ્લોકો સાંભળનારા એ ઇરાકી ઓના ચહેરા પર એક અજીબ સંતોષ જોઇ તે કહે છે કે કૃષ્ણ પરની મારી શ્રદ્ધા વધુ દૃઢત્તર થતી જાય છે. **(ક્રમશઃ)**

શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્રમ્

(શ્રીરઘુનાથજી કૃત 'નામચન્દ્રિકા' ટીકાસાથે)

સંકલન : વિમલ ભટ્ટ



ગતાંકથી આગળ...

સ્વપ્રકાશઃ ।।૩૧૦।।

પોતાના સ્વરૂપથી જ પ્રકાશ પામી રહેલા.

પરમાત્મા સ્વયં પ્રકાશમાન છે. એમને અન્યના પ્રકાશની અપેક્ષા નથી, અરે એટલું જ નહિ પણ સર્વ વિશ્વમાં જે પ્રકાશ જણાય છે તે પ્રકાશ પ્રભુના પ્રકાશ આગળ કાંઈ પણ નથી. તેમના પ્રકાશનો અંશ માત્ર જ છે. માટે કરોડો-અનન્ત સૂર્યોનો પ્રકાશ પણ પ્રભુ સમીપ તુચ્છ છે. એમ અમે પ્રથમ જણાવી ગયા છીએ.

સર્વસંગવિવર્જિતઃ ।।૩૧૧।।

સર્વ સંસારના સંગથી છોડાવનાર એવા ભગવાન્.

પ્રિયવ્રત રાજાના દસ પુત્રોમાંથી કવિ, મહાવીર અને સવન એ ત્રણે જણને સંસારના વિષય-સંગથી દૂર કરાવનાર પ્રભુ છે. ભગવાન્‌ની ઇચ્છા સિવાય તેમ કૃપા વિના સંસારની વિકટ માયા છૂટી શક્તી નથી. માટે એ ત્રણેને વિરાગ પ્રકટ થઈ ભગવાન્‌માં અનુરાગ થયો એ પ્રભુકૃત છે. એવા આશયથી સર્વ સંસારના સંગથી છોડાવનાર એવા પ્રભુ એમ કહ્યું.

ઇચ્છાયાં ચ સમર્યાદઃ ।।૩૧૨।।

ત્યાગની ઇચ્છાવાળા ભક્તોને તેમાં મર્યાદાયુક્ત રાખનાર પ્રભુ.

પ્રિયવ્રત રાજાના સર્વ બાળકો માંથી ફક્ત ત્રણ જણને જ યોગજ્ઞાન થયું. એ ભગવદિચ્છાનું જ કારણ છે. નકર બાલ્યાવસ્થામાં જ ચોથા આશ્રમની ઇચ્છા અને તેવી ઇચ્છાને જન્મ પર્યન્ત નિભાવવી એ બનવું અશક્ય છે. માટે તેમને તેવી મર્યાદામાં રાખનાર પણ પ્રભુ જ છે.

ત્યાગમાત્રોપલમ્ભનમ્ ।।૩૧૩।।

સર્વ સંગના ત્યાગ માત્રથી જ પ્રાપ્ત થાય તેવા.

સર્વ સંસારના સંગનો ત્યાગ કરવાથી જ પ્રભુ પ્રાપ્ત થાય છે. ગીતામાં ભગવાન્ આજ્ઞા કરે છે કે "**ત્યાગાત્ શાન્તિઃ અનન્તરમ્**" (ત્યાગથી અનન્તર શાન્તિ થાય છે) એટલે સર્વ વસ્તુના ત્યાગપૂર્વક ભગવાન્ ઉપર અનુરાગ થતાં તે પ્રાપ્ત કરી શકાય છે ત્યારે જ અવધિ વિનાની અનન્ત શાન્તિ થાય છે, અનહદ આનન્દનો સ્વાદ મળે છે. તે મળ્યા પછી જન્મ મરણરૂપ પ્રવૃત્તિ-અશાન્તિ રહેતી જ નથી.

અચિન્ત્યકાર્યકર્તા ચ તર્કાગોચરકાર્યકૃત્।
શૃંગારરસમર્યાદા આગ્નીધ્રરસભાજનમ્ ।।૬૮।।

અચિન્ત્યકાર્યકર્તા ।।૩૧૪।।

ન ચિન્તન કરી શકાય તેવાં કાર્યો કરનાર.

મનથી પણ ન વિચારી શકાય તેવાં ભક્તોનાં કાર્યોને સમ્પાદન કરનાર પોતે પરમાત્મા છે. ઈશ્વર સિવાય અચિંત્ય કાર્યો તો કોણ કરી શકે એવું છે ? સર્વ વસ્તુની સત્તા પ્રભુએ પોતાના શ્રીહસ્તમાં જ રાખેલી છે. એટલે તેવી રીતે જ બધાં કાર્યો બને છે. ભગવદિચ્છા વિના એક તૃણ પણ ઉપડી શકે નહિ તો પછી અચિંત્ય કાર્ય તો ક્યાંથી જ થાય !

तर्कागोचरकार्यकृत् ।।३१५।।

અનુમાનથી પણ ન જાણી શકાય તેવાં કાર્યોને કરનાર.

પ્રિયવ્રત રાજાએ ભગવદ્ભક્તિના પ્રતાપ વડે આ રાત્રિ પડવાથી પ્રજાને પીડા થાય છે, એમ જાણી સૂર્યની પેઠે રથ પર બેસી પ્રવાસ કરીને પોતાના તેજથી રાત્રિને દૂર કરતાં રથના પૈડાથી સાત સમુદ્રો બનાવી દીધા. આવા પ્રકારનું અનુમાન પણ કરી શકાય નહિ તેવું કર્મ, પ્રિયવ્રત રાજાદ્વારા પ્રભુએ જ કરેલું છે. એમ ન હોય તો આવું શું અન્યથી થઈ શકે ? માટે જ તેવાં કાર્ય કરનાર તો પ્રભુ જ છે.

शृंगाररसमर्यादा ।।३१६।।

શૃંગાર રસની મર્યાદા (છેડો) રૂપ એવા પ્રભુ.

શૃંગાર, વીર, કરુણા, અદ્ભુત, હાસ્ય, ભયાનક, બિભત્સ, રૌદ્ર અને શાન્ત એવા નવ પ્રકારના રસો છે. દશમો વત્સલરસ પણ ગણાય છે. એ સર્વ રસોમાં શૃંગારરસ મુખ્ય છે. તે શૃંગાર રસના અવધિરૂપ આપ ભગવાન્ છો. શ્રુતિમાં કહે છે કે **"रसो वै सः"** (પ્રભુ પોતે રસરૂપ જ છે) જ્યારે આપ જ સર્વરસરૂપ છે, તો તે શૃંગાર રસનો અવધિ-છેડો એથી આગળ અભાવ હોય એમાં શું કહેવાનું ? વિશ્વમાં દેખાઈ આવતો શૃંગાર રસ તે ખરો શૃંગારરસ નથી કિન્તુ તે કેવળ આભાસ માત્ર જ. ખરો શૃંગાર રસ તો પ્રભુમાં જ પ્રકાશે છે. માટે જ પ્રભુ શૃંગાર રસના છેડારૂપ છે.

आग्नीध्ररसभाजनम् ।।३१७।।

આગ્નીધ્રરાજાને રસના સ્થાનરૂપ પ્રભુ.

પ્રિયવ્રત રાજાના પુત્ર આગ્નીધ્રને પૂર્વચિતિ અપ્સરા સાથે ઊપજતાં શૃંગારરસના કારણરૂપ આપ શ્રીકૃષ્ણ જ છો. કેમકે આગ્નીધ્રરાજા પિતૃલોકની ઇચ્છાથી, પર્વત પર તપ કરતા હતા, ત્યાં ભગવાને પૂર્વચિતિ અપ્સરાને મોકલી, તેને આનન્દરસ પ્રાપ્ત કરાવ્યો છે. તે સ્ત્રીથી નાભાગ આદિનવ પુત્રો પ્રકટ થયા. એમ અ.૨માં સ્પષ્ટ છે. તેથી જ પ્રભુ તે રાજાને રસના સ્થાનરૂપ છે. શૃંગારરસની મર્યાદા અવધિ કેવળ ભગવાન્ હોવાથી તે, તે રસનું સ્થાન હોય એમાં કાંઈ નવાઈ નથી.

नाभीष्टपूरकः कर्ममर्यादादर्शनोत्सुकः ।
सर्वरूपोऽद्भुततमो मर्यादापुरुषोत्तमः ।।६९।।

नाभीष्टपूरकः ।।३१८।।

નાભિરાજાની ઇચ્છાઓને પૂર્ણ કરનાર.

આગ્નીધ્રના પુત્ર નાભિરાજાને ત્યાં ઋષભદેવ રૂપે પોતે પ્રકટ થઈ, તેના મનોરથોને પૂર્ણ કરનાર શ્રીકૃષ્ણ છે. અધ્યાય ૩ માં જણાવે છે કે, પુત્રની ઇચ્છાએ ભગવાન્ની તપશ્ચર્યા કરવાને લીધે પ્રસન્ન થયેલા પ્રભુ પાસે તેમના જેવા પુત્રની માગણી કરી. એટલે પોતાની સરખામણીમાં બીજો કોઈ જ નથી એમ સમજી પરમાત્માએ પોતે જ ઋષભદેવ રૂપે અવતાર ધારણ કરી પોતાના ભક્ત નાભિરાજાના મનોરથો પૂર્ણ કરેલા છે.

कर्ममर्यादादर्शनोत्सुकः ।।३१९।।

લોકોને કર્મની મર્યાદાને દર્શાવવામાં ઉત્સાહ ધરાવનાર એવા શ્રીકૃષ્ણ

ભગવાન્ જે ઋષભદેવ સ્વરૂપે થઈ, ઉત્તમ

કર્મો કરી, આ લોકમાં કર્મમાર્ગનો પ્રચાર કર્યો છે માટે જ એ કર્મમાર્ગની મર્યાદાને જોવામાં ઉત્કણ્ઠા રાખનાર પ્રભુ છે. ત્રીજા અધ્યાયમાં ઋષભદેવે કરેલાં ઉત્તમ કર્મો સ્પષ્ટ જણાવેલાં છે. એમને તેવાં કર્મો કરવાનું કાંઈ પણ કારણ હતું નહિ, કેમકે તે તો કર્મ કર્યા સિવાય પણ મુક્ત જ છે. પરન્તુ લોકોમાં કર્મનો પ્રચાર કરવા માટે જ આપે કર્મ કરેલાં છે.

सर्वरूपः ।।३२०।।

૧.સર્વ જેમનું રૂપ છે એવા, ૨.સર્વ કુલાચારોને પોતે કૃતિમાં મૂકીને બીજાને દર્શાવનાર.

શ્રેષ્ઠ પુરુષોનાં વર્તનને અનુસરીને જ લોકો અનુસરે છે, માટે ભગવાન્ ઋષભદેવે કર્મોને કૃતિમાં મૂકી લોકોને તે પ્રમાણે વર્તન કરવા ઉપદેશ કરેલો છે. શ્રુતિમાં કહે છે કે **''सर्वाणि रूपाणि विचित्य धीरो नामानि कृत्वाभिवदन् यदास्ते''** (ધીર-વિદ્વાન્ પોતે રૂપ અને નામવાળાં કર્મો કરીને પછીથી સારી રીતે વિવેચન કરી ઉપદેશ કરે છે) તેમ અહીં ઋષભ ભગવાને ગુરુકુલનિવાસ, સ્વાધ્યાયનું અધ્યયન, વગેરે કર્મો કરી સર્વને પ્રત્યક્ષ દર્શાવી ઉપદેશ આપેલો છે. માટે જ ઋષભદેવ રૂપ રહેલા શ્રીકૃષ્ણને સર્વરૂપ કહ્યા.

अद्भुतमः ।।३२१।।

અત્યન્ત આશ્ચર્યકારકરૂપવાળા.

પ્રભુ સર્વ આશ્ચર્યકારક વસ્તુઓનું નિધાન જ એટલે આપનું અત્યન્ત આશ્ચર્યમય સ્વરૂપ હોય એ સમ્ભવિત છે.

मर्यादापुरुषोत्तमः ।।३२२।।

કર્મમર્યાદાનું વેદમાર્ગનું પાલન કરનાર પુરુષોત્તમ એવા શ્રીકૃષ્ણ.

વેદ પ્રમાણે ચાલતા કર્મમાર્ગને મર્યાદામાર્ગ કહે છે. લોકમાં કર્મમાર્ગનો ઉપદેશ કરવા પોતે મર્યાદા પુરુષોત્તમ ઋષભદેવ સ્વરૂપે પ્રકટેલા છે. અને તેમણે જ કર્મમાર્ગ સ્થાપન કરેલો છે. મર્યાદા પુરુષોત્તમ એ શુદ્ધ અદ્વૈત ભાવે પૂર્ણ પુરુષોત્તમ જ છે ભિન્ન નથી. આચાર્યચરણ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે, **''वेदस्य विद्यमानत्वाद् मर्यादाऽपि व्यवस्थिता''** (વેદ પણ સદા વિદ્યમાન છે તેથી વેદ પ્રમાણે ચાલતો મર્યાદામાર્ગ પણ વિભાગપૂર્વક સિદ્ધ કરેલો છે) એમ મર્યાદામાર્ગ પ્રમાણે પ્રતિપાદિત પ્રભુને મર્યાદા પુરુષોત્તમ કહે છે. એ મર્યાદાપુરુષોત્તમ પણ પુષ્ટિ પુરુષોત્તમનું સ્વરૂપ જછે.

सर्वरूपेषु सत्यात्मा कालसाक्षी शशिप्रभः ।
मेरुदेवीव्रतफलम् ऋषभो भगलक्षणः ।।७०।।

सर्वरूपेषु सत्यात्मा ।।३२३।।

બ્રાહ્મણ તથા ક્ષત્રિય આદિસર્વ રૂપોમાં સત્ય અવતારવાળા બ્રહ્મથી કે સ્તમ્ભ પર્યન્ત સર્વ સ્વરૂપવાન એવા ભગવાન્.

આ સમગ્ર જગતમાં સર્વરૂપે ભગવાન્ પોતે પ્રકાશે છે-વિરાજે છે, માટે એવા પ્રભુથી વ્યાપ્ત જગતને સત્ય કહેવામાં આવે છે. શ્રુતિ ભગવતી ઉપદેશ કરે છે કે **''यद् इदंकिञ्चिद् अस्ति तत् सत्यम् इत्याचक्षते''** (જે આ કંઈક દૃષ્ટિગોચર જગત્ જણાય છે તે (ભગવદ્રૂપ હોવાને લીધે સત્ય છે) ગીતામાં તો વળી એટલે સુધી આપ આજ્ઞા કરો છો કે જગતને અસત્ય કહેનારાઓને આસુરી જીવો ગણવા. જે સત્ય પરમાત્મા સ્વરૂપ આ જગત્ છે તેને અસત્ય કેમ જ કહી શકાય ? માટે જ સર્વ રૂપોમાં સત્ય પરમાત્મા છે એમ કહે છે. **(ક્રમશઃ)**



तत्वार्थदीपनिबन्धान्तर्गत

सर्वनिर्णयप्रकरण

टीकाकार: सांचोरा श्रीगोकुलदासजी



ગતાંકથી આગળ...

लोकेऽपि राजदण्डादेरन्यथा विषयो न हि।।
प्रेरको भगवानात्मा स्वात्मना दोषवर्जितः।।१८१।।

शङ्का: भगवान् ही कर्ममें पुरुषकुं प्रवृत्त करें हें एसें मानवेमें हु ये दोष आवे हे। क्योंके भगवान् तो परम कृपालु हें, अधर्ममें पुरुषकों प्रवृत्त करके नरक, राजदण्डादिक दुःख क्यों देवे हें?

उत्तर: 'प्रेरकोभगवानात्मा' इति। भगवानकुं प्रेरक मानवेमें कछु दोष नहिं आवे हे। क्योंके भगवान् तो सबकी आत्मा हें. तासों सुख जेसें होय तेसें प्रेरणा करें हें. जेसें पुरुष अपने अङ्गनमें यथासुख चेष्टा करें हें कोई समय बायें पांवकुं नीचे धरिके वाके ऊपर दायें पांवकुं धरे हें। तो कोई समय दायें पांवकुं नीचे धरके वाके ऊपर बायें पांवकुं धरे हें। एसें ही ''साधु कर्म कारयति''(कौषि.उप.३।९)या न कोऽपि दोषः। ''अधिकं तु भेदनिर्देशाद्'' (ब्रह्मसूत्र२।१।२२) इत्यत्र विस्तृतम् अस्माभिः।।१८१।।

न विशेषोऽस्ति लोकेऽस्मिन् तारतम्यं न चैव हि।।
अखण्डं कृष्णवत् सर्वं यथा तत्तु निरूपितम्।।१८२।।

तहां भगवान् तो एसी हु प्रेरणा कर सके हें जासों सब जीव सुकर्म करकें समान रहे आवें तथापि भगवान् जीवात्मक अपने स्वरूपनकुं एसी प्रेरणा क्यों करें हें के जासों अनेक मनुष्य गौ, गधा आदि योनीनमें जीव जन्म लें?

एसी शङ्का नहीं करनी। सब जीव समान होय जावें तो राजा ही राजा सब हो जावें सो जगत्क्रीडा नहिं सम्भव सके। तथा जगत्में विचित्रता हु नहिं होय सके. ओर सुख-दुःख तो सब ही योनीनमें सब ही जीवनमें समान हें। पुरुष हे सो अपने भ्रमसों ऊंच-नीच तथा सुख-दुःखादि तर-तमभावद्वउतार-चढाव देखे हे। यदि गर्दभादि योनीनमें दुःख ही होय तो गर्दभकी योनीमें गयो जीव वा योनीके सुखकी इच्छा क्यों करे हे? भगवान् स्वयं ही जीवरूप धारण करकें क्रीडा करे हें। जब इच्छा करें तब अपने जीवरूपको राज्याधिकारी कर दे हें जब चाहें तब नरकाधिकारी कर दे हें। सब ठिकाने फल हु समान हे, स्वरूप हु समान हे। याहीसों गीतामें ''शुनि समं, स्वरूपं च समम् इति पूर्वोक्तम् इति आह अखण्डं कृष्णवत् सर्वम् इति।।१८२।।

चैव श्वपाके च पण्डिताः समदर्शिनः'' (भग.गीता५।१८) तथा ''स्वर्गापवर्गनरकेष्वपि तुल्यार्थदर्शिनः'' (भाग.पुरा.६।१७।२८) अर्थात् गौ हस्ती श्वान आदि योनिमें तथा स्वर्ग-नरकादिकमें ज्ञानीभक्त समान दृष्टि राखें हें। अखण्ड विश्व कृष्णके समान हे। एसें मध्यमाधिकारीकुं प्रतीत होय हे। उत्तमाधिकारीकुं तो अखण्ड कृष्णरूप हे। एसे अनुभव होय हे। ये बात शास्त्रार्थप्रकरणमें ''यत्र येन यतो यस्य यस्मै यद्यद् यथा यदा, स्यादिदं भगवान् साक्षात् प्रधानपुरुषेश्वरः'' (तत्वा.दी.नि.।१।६९) या श्लोकमें

निरूपण कीनी हे. वहां सब कारक भगवद्रूप हें ये बात लिखीहे।।१८२।।

''आत्मैव तदिदं'' सर्वं सृज्यते सृजति प्रभुः।।
त्रायते त्राति विश्वात्मा ह्रियते हरतीश्वरः।।१८३।।

जेसें ब्रह्म सृष्टिके आदिकालमें इच्छा करकें आत्मासों जीवन्के अर्थ ब्रह्माण्डकुं करे हे। या वाक्यमें ब्रह्म कर्तृकारक हे। जीव सम्प्रदानकारक हे। ब्रह्माण्ड कर्मकारक हे, आदिकाल अधिकरणकारक हे, इच्छा करणकारक हे, आत्मा अपादानकारक हे, सृष्टि सम्बन्ध हे। ये सर्व पदार्थ भगवद्रूप समुझनें। या प्रकार पदार्थमात्र भगवद्रूप हें ये बात एकादशस्कन्धमें ''आत्मैव तदिदं सर्वम्''(भाग.पुरा.११।२८।६) या श्लोकमें लिखी हे। भगवान् ही सर्वरूप हें। भगवान् ही उत्पन्न करें हें तथा भगवान् ही उत्पन्न होवे हें। भगवान् ही रक्षाकिये जावे हें। भगवान् ही रक्षा करें हें। विश्वात्मा भगवान् आप अपने स्वरूपको ही संहार करें हें तथा भगवान् ही आविर्भाव तिरोभाव शक्ति द्वारा उत्पत्ति-स्थिति-संहारलीला करे हें।।१८३।।

अयमेव ब्रह्मवादः शिष्टं मोहाय कल्पितम्।।१८४।।

श्रीवल्लभाचार्यजी श्रेष्ठ जीवन्के प्रति उपदेश करे हें, प्रथम प्रकरणमें: देवकीपुत्रगीत जो गीता हे वो ही एक शास्त्र हे। ये प्रतिज्ञा कर आये हें। गीतामें जो लिख्यो हे वाकुं ब्रह्मवाद समुझनों। जे वादी उलटी शङ्का करके कही भई युक्तिन्को बाध करें उनके आगे गीताद्वारा ही अपने सिद्धान्तको स्थापन करनों। गीताजीमें दशमाध्यायमें ''एकांशने स्थितो जगत्''(भग.गीता१०।४२) या श्लोकमें तथा, एकादशाध्यायमें, अर्जुनको अपनो विश्वरूप दिखायो तहां जगत् भगवद्रूप हे ये स्पष्ट ज्ञात होवे हे। श्रीकृष्णनें हु गीतामें ''वासुदेवः सर्वम् इति'' (भग.गीता७।१९) या श्लोकमें ''सब जगत् भगवान् ही हे'' एसें मानिवेवारेकुं 'महात्मा' कह्यो हे। ये गीताशास्त्र ही ब्रह्मवाद हे। यासों विरोध राखिवेवारे जितनें मत हें वे जीवनकुं भ्रमित करिवेवारे हें।

तहां शङ्का होय जो या ब्रह्मवादमें चोरी आदि करिवेवारेकुं दण्ड नहिं होनो चहिये, क्योंके परमात्माको प्रेरक मानो हो तब चोरी करिवेमें हु परमात्मा ही प्रेरक भयो? उत्तर: देह, इन्द्रिय आदिकन्में अहन्ता नहिं होय ''मेंनें ये कार्य कियो'' एसी जाकी कबहु बुद्धि नहिं होय वाकुं पाप नहिं हे। ''यस्य नाहंकृतो भावो बुद्धिर् यस्य न लिप्यते, हत्वापि स इमान् लोकान् न हन्ति न निबध्यते''(भग.गीता१८।१७) ये गीतामें लिख्यो हे। लोकमें हु अहन्तारहित परमहंसादिककुं दण्ड नहिं होवे हे. जहां तांई अहङ्कार हे वहां तांई दण्ड हु हे।।१८४।।

वर्णाश्रमवतां धर्मः श्रुत्यादिषु यथोदितः।।
तथैव विधिवत् कार्यः स्ववृत्त्यन्नेन जीवता।।
आचारो वृत्तिहीनश्चेद् अर्धं फलति नाखिलम्।।१८५।।

या प्रकार प्रमेयप्रकरणकुं समाप्त करके फलप्रकरणको प्रारम्भ करे हें। अङ्ग विना केवल शास्त्रविहित साधनमात्रके कर लेवेसों फल नहिं होय हे किन्तु अङ्ग सहित साधन कियो जाय तब फल होय। जेसें वैद्यशास्त्रके अनुसार औषधिको तो साधन करतो रहे परन्तु उष्णजलपान, पथ्यअन्नको भोजन, निरोग देशमें रहनों आदि जे औषधिके अङ्ग हें उनको आचरण नहिं कियो जाय तो औषधको कछु फल नहिं होय हे। एसें ही वेदशास्त्रोक्त जे अग्निहोत्रादि साधन हें उनकें बाहिरके अङ्ग वर्णधर्म-आश्रमधर्म हें। इनकुं छोड़िके यज्ञादि किये जांय तो सर्वथा फल नहिं होय। तासों श्रुति-स्मृति-पुराणके अनुसार ही वर्णाश्रम-धर्मकुं साधनो। जेसें पथ्य अन्नको भोजन करकें ही औषधको सेवन कियो जाय एसें अपने वर्णधर्मके अनुसार जा वर्णकी जो वृत्ति शास्त्रमें लिखी हे वो वृत्तिसों प्राप्त भयो जो अन्न वाहीसों देहनिर्वाह करते भये वेदोक्त यज्ञादि धर्मन्कुं करनो। ये नहिं जाननों के कुवृत्तिसों निर्वाह करेंगें तो कुवृत्ति करिवेको जो पाप हे वोही लगेगो परि धर्म जो कियो जायगो वो तो सफल होयगो। कुवृत्तिसों निर्वाह करिवेवारे पुरुषके किये भये अन्य धर्मन्को हु आधो फल रहि जावे हे।।१८५।।

वस्तुतस्तु न फलति इति आह अनभ्यासेन इति।

(क्रमशः)

ષોડ્શગ્રંથ ગત ઉપદેશ અને વૈષ્ણવ વાર્તાની સંગતિ

સંકલન : ભુપેન્દ્રભાઈ ભાટીયા



ગતાંકથી આગળ...

બાલબોધ ગ્રંથના ભાવ સહિત નારાયણદાસના પુષ્ટિ જીવનની વાર્તા કોઇ સમજશે એના માટે શ્રીવલ્લભ આશિર્વાદ આપે છે, इत्येवं कथितं सर्वं नैतज्ज्ञाने भ्रमः पुनः।।

બાલબોધ ગ્રંથમાં આચાર્યવર્ય શ્રીવલ્લભે aesthetics, metaphysics અને theology એમ ત્રણેય પહેલુને વિલક્ષણતાથી ચમકાવ્યાં છે. આત્મસુખ તરફ લઇ જનારા સાંખ્ય અને યોગમાર્ગ, આત્માના વિશેષ સૌંદર્ય સામે સંસારના વિષય સૌંદર્યને તુચ્છ કરી દીધો. આત્મસુખ માટે જીવને પ્રેરિત કર્યો. આજ aesthetics નો અનુભવ છે. આત્મા, બ્રહ્મનો અંશ છે, એ metaphysics નો વિષય બન્યો. ભક્તિ theology નો વિષય છે. તદાશ્રયત્વ, તદીયત્વ, પ્રપંચ વિસ્મૃતિ, ભગવદાસક્તિ ભક્તિના ફલક હોવાથી, આચાર્યશ્રીએ બાલબોધમાં theology ને પણ આવરી લીધી છે.

શ્રીઠાકુરજી, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીએ અવતારદશામાં ઘણાં પુષ્ટિજીવોને પહેલા ફલનું દાન કરી પછી સાધનમાં રાખ્યાં છે. પ્રત્યેક પુષ્ટિજીવને સાધન ફલના ચક્રમાંથી પસાર થવું પડે છે. એના કારણે જીવ પરિપક્વ બને છે. અચ્યુતદાસને મહાપ્રભુજીએ સીધા જ ફલાત્મક માનસી સેવામાં લીધાં. નારાયણદાસને પ્રમાણના માધ્યમથી મહાપ્રભુજી પ્રમેયરૂપ क्वासि ભાવનું દાન કરે છે.

વાર્તા ૧૭૧ નારાયણદાસ પાંડે
સાત્ત્વિક ભક્ત

બાલબોધમાં તદીયત્વ અને તદાશ્રયનો પુષ્ટિ જીવો માટે મુલોપદેશ છે. તદીય એટલે સમર્પિત થઇ રહેવું. "समर्पणाऽऽत्मनो हि तदीयत्वं भवैद्ध्रुवम्।" નારાયણદાસજી પર શ્રીવલ્લભના હસ્તાક્ષરની સેવા બિરાજતી હતી એટલે એમની વાર્તામાં એમના સમર્પણના ભાવ અને ક્રિયાનું વિસ્તૃત વર્ણન ન થયું. બાલબોધ ગ્રંથના આ ભાવને શ્રીગુસાંઇજી સ્વયં, સમર્પણને કૃતિમાં લાવીને એના દર્શન કરાવે છે. આ વાર્તામાં, શ્રીવિઠ્ઠલેશપ્રભુ, શ્રીગોવર્ધનધર અને શ્રીનવનીતપ્રિયાજીની સેવામાં કેવી રીતે રત રહે છે એનું વિસ્તૃત વર્ણન કરે છે. જેથી વૈષ્ણવોને તદીયત્વના સમ્યક્ દર્શન થાય.

નારાયણદાસ પાંડેના તદીયત્વનું વર્ણન કરતાં વાર્તા કહે છે કે, "नारायणदास जो-

श्रीगुसांईजी आपकी सेवामें तत्पर रहे। तब श्रीनवनीतप्रियजी नारायणदास पांडे को अनुभव जतावन लागे।'' તદીયત્વની આ ફલાવસ્થા છે.

નારાયણદાસ પાંડેને શ્રીવિઠ્ઠલેશ માટે જે તદાશ્રયત્વ છે એને ભાવપ્રકાશમાં સમજાવે છે કે, '' जो वैष्णवको या प्रकार गुरूको आश्रय द्रढ होइ तो श्रीठाकुरजी आपहीते अनुभव जतावे।''

નારાયણદાસ કાયસ્થના ભાવની continuity આ વાર્તામાં છે. નારાયણદાસ કાયસ્થને શ્રીગોકુલ જવાની ઉત્કંઠા હતી તો નારાયણદાસ પાંડે પણ ''श्रीगोकुल छोरिके कहुं न गये। सो नारायणदास पांडेने देह छोडी तहां तांइ कहू न गए।'' એટલે આ વાર્તાના પ્રારંભમાં કહ્યું ''ये इनते प्रगटी है ताते इनके भावरूप है''

વાર્તા ૧૭૦ ભીષ્મદાસ ક્ષત્રિ

રાજસ ભક્ત

શ્રીગુસાંઇજી, શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયાજીને કેવી રીતે સમર્પિત થયા છે એનું વિસ્તૃત વર્ણન આ વાર્તામાં નારાયણદાસ કાયસ્થના અનુસંધાનરૂપે આ ભીષ્મદાસ પણ ''श्रीगोकुल छोरि कहु न गये।''

સમર્પિત પુષ્ટિજીવના અંતરમાં કેવો આહ્લાદક હોવો જોઇએ એ ભીષ્મદાસ અને એમના પત્ની અહીં શીખવાડે છે. ''परम आनंदसो भगवत्सेवा करते।'' પ્રભુએ પોતાનો આનંદ માણવા બીજાને પ્રકટ કર્યા અથવા તો પોતેજ ભક્તરૂપે પ્રકટ થયાં. ''एकाकि न रमते स द्वितीयमैच्छत्'' અર્થાત્ એ દ્વિતીય, આનંદથી પ્રભુને સમર્પિત ન થાય, તો પ્રભુ એના દ્વારા પોતાના આનંદને કેવી રીતે માણી શકશે? પ્રથમાવસ્થામાં તો જીવને સેવામાં આનંદ આવવો જોઇએ. પછી એ પ્રભુના સુખનો વિચાર કરી શકે. આવા તદીય ભીષ્મદાસજી માટે ગોકુલનાથજી આજ્ઞા કરે છે કે, ''सो इनसों ठाकुरजी सानुभावता जतावते।''

વાર્તા ૧૬૯ કાન્હબાઇ

તામસ ભક્ત

આ વાર્તામાં તદીય અને તદાશ્રિત ભગવદીયના લક્ષણ અને એની વિવિધ ફલશ્રુતિના દર્શન આપણને થશે. શરણે આવતા જ કાન્હબાઇએ શ્રીગુસાંઇજી સન્મુખ, પોતાની સમર્પિત રહેવાની ભાવના અભિવ્યક્ત કરી. मोकों सेवा पधराय दीजिए। मेरो मनोरथ सेवा करिवेको है।''

તદીયભાવમાં અહર્નિશ વિચરતા કાન્હબાઇને શ્રીઠાકુરજી કેવો પ્રતિસાદ આપતા? ''सौ कान्हबाइसो श्रीठाकुरजी सानुभावता जनावते! और श्रीठाकुरजी कान्हबाईसों बाते करते, जो वस्तु चाहिये सो मांगि लेते।''

કાન્હબાઇનું તદીયત્વ બાલભાવથી સિદ્ધ છે. તેથી એમના ઠાકુરજી લૌકિક બાલકની જેમ પાતલમાંથી આરોગી ખેલવા જાય છે અને પુનઃ ખેલીને એજ પાતલમાંથી આરોગે છે. કાન્હબાઇ શ્રીઠાકુરજીમાં અને એમના સેવ્યસ્વરૂપ કાન્હબાઇમાં, એટલા ઓતપ્રોત છે કે કાન્હબાઇને જ્યારે લાગ્યું કે ઠાકુરજીને બહુજ ટાઢ લાગી છે ત્યારે સેવક સેવ્યને હૃદયથી ચાંપીને પોતાની સંગ પોઢાવે છે. નારાયણદાસ કાયસ્થમાં તદીયત્વનો ભાવ કેટલો ગહરાઇથી હતો એનું અનુમાન આ પ્રસંગથી થશે. **(ક્રમશઃ)**



❋ નીચે આપેલા નામ કોષ્ટકક. નામ શોધો.

વિ	ર	હિ	ણી	મ	ધિ	ની	સ્ફ	ટિ	ક
વ	શ્રી	હી	રા	ગી	તા	ગો	મે	દ	મ્
નિ	વ	સુ	વિ	પ્ર	યો	ગા	ર્તિ	ગ	મા
ધિ	ક	ધિ	ત્ર	વિ	યો	ગા	નુ	ભ	વ
પો	વિ	ર	હા	તુ	ર	ઘ	પા	ખ	વિ
ખ	ષ્ટ	વિ	યો	ગા	ર્તિ	જ્ઞા	નિ	ક	ર
રા	પ	મ	પ	વિ	પ્ર	યો	ગ	મ	હ
વિ	ક્તા	જ્ઞા	રા	ત	ત્ત	મ	વ	ત્ર	ભા
ર	નિ	વિ	યો	ગ	ક્તા	વ	લી	વિં	વ
હ	ધિ	સ્ફ	ટ	વિ	ર	હ	દ	શા	ર્ણ



(૧) વિરહિણી
(૨) વિપ્રયોગાર્તિ
(૩) વિયોગાનુભવ
(૪) વિરહાતુર
(૫) વિયોગાર્તિ
(૬) વિપ્રયોગ
(૭) વિયોગ
(૮) વિરહ
(૯) વિરહભાવ
(૧૦) વિરહદશા



❋ જોડકા જોડો - નીચે આપેલા શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના શ્લોક-અધ્યાય અને શ્લોક સંખ્યાનો સાચો ક્રમાંક નિયત કરી જોડકા જોડો.

શ્લોક	શ્લોક સંખ્યા	અધ્યાય
(૧) તુલ્યનિન્દાસ્તુતિર્મૌની....	૧૯	૧
(૨) ત્યાજ્યં દોષવદિત્યેકે....	૩	૩
(૩) વિધિહીનમસૃષ્ટાન્નં....	૧૩	૫
(૪) ન રૂપમસ્યેહ તથોપલભ્યતે....	૩	૮
(૫) સુદુર્દર્શમિદં રૂપં....	૫૨	૧૦
(૬) પવનઃ પવતામસ્મિ....	૩૧	૧૧
(૭) નૈતે સૃતી પાર્થ	૨૭	૧૫
(૮) ભોક્તારં યજ્ઞ તપસાં	૨૯	૧૭
(૯) યસ્ત્વિન્દ્રિયાણિ મનસા	૭	૧૮
(૧૦) સંકરો નરકાયૈવ....	૪૨	૧૨

❋ પ્રિય વૈષ્ણવબાલ,

નીચે આપેલા શ્રીગોપીનાથજી વિરચિત સાધનદીપિકાના અધૂરા શ્લોક પૂર્ણ કરો, મુખપાઠ કરો અને શ્લોક ક્રમાંક આપો.




મલ સ્નાનં ..... કાર્યં.....। ..... શ્રીયમુનાજલૈઃ ..... સ્તવૈશ્ચ વા ।।	શ્લોક ક્રમાંક .....
..... અગ્નિહોત્રં ..... કલૌ..... યથાવિધિ । સન્દિગ્ધધર્મસેવાપિ ..... ।।	શ્લોક ક્રમાંક .....
નહિ ..... શક્યં ..... ત્યક્તુમશેષતઃ । ..... સ્વધર્માચરણં .....।।	શ્લોક ક્રમાંક .....
''દૈવી.....ગુણમયી ..... માયા .....। મામેવ ..... પ્રપદ્યન્તે ..... તરન્તિ .....।।''	શ્લોક ક્રમાંક .....

❋ ગતાંકના ઉત્તરો ❋

જોડકા જોડો - નીચે આપેલા શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના શ્લોક-અધ્યાય અને શ્લોક સંખ્યાનો સાચો ક્રમાંક નિયત કરી જોડકા જોડો.

શ્લોક	અધ્યાય	શ્લોક સંખ્યા
(૧) સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા.....	૫૪	૦૨
(૨) એવમ્ પરમ્પરાપ્રાપ્તમ્....	૧૨	૦૪
(૩) યોગયુક્તો વિશુદ્ધાત્મા....	૦૭	૦૫
(૪) અન્તકાલે ચ મામેવ....	૦૫	૦૮
(૫) યત્કરોષિ યદશ્નાસિ...	૨૭	૦૯
(૬) અશ્વત્થઃ સર્વ વૃક્ષાણાં...	૨૬	૧૦
(૭) પિતામિ લોકસ્ય ચરાચરસ્ય...	૪૩	૧૧
(૮) યદા સત્ત્વે પ્રવૃદ્ધે તુ....	૧૪	૧૪
(૯) દ્વૌ ભૂતસર્ગૌ લોકેઽસ્મિન્...	૦૬	૧૬
(૧૦) યદહંકારમાશ્રિત્ય...	૫૯	૧૮

❋ કોષ્ટક ઉત્તર ❋



❋ ગતાંકના સાધનદીપિકા ગ્રંથના શ્લોક ક્રમાંક

(૧) શ્લોક ક્રમાંક-૯૬ (૨) શ્લોક ક્રમાંક-૬૯
(૩) શ્લોક ક્રમાંક-૧૫ (૪) શ્લોક ક્રમાંક-૫૧

पुष्टिसंस्कारधाम

પુષ્ટિસંસ્કારધામનું વેગવંતુ નિર્માણકાર્ય





પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સહયોગીઓની યાદી

૨૧ જુન ૨૦૨૬ થી ૨૦ જુલાઇ ૨૦૨૬ સુધી

ક્રમ	નામ	ગામ	જમા રકમ
૧	કુમનભાઈ મીઠાભાઈ સાવલીયા	જેતપુર	૫,૫૫,૫૫૫
૨	કાંતીભાઈ મોહનભાઈ ઝાલાવડીયા	નાશિક	૫,૦૦,૦૦૦ (૨૫,૦૦,૦૦૦ સંકલ્પ પેટે)
૩	ભગવાનજીભાઈ મુળજીભાઈ સવાણી	પાજોદ	૩,૫૫,૫૫૫
૪	ભરતભાઈ મનસુખભાઈ ગજેરા	સુરત	૩,૦૫,૫૫૫
૫	ચંદુભાઈ જસમતભાઈ ગોઠી	રાજકોટ	૨,૫૧,૦૦૦
૬	ધર્મેશકુમાર મગનલાલ કનેરીયા	અમદાવાદ	૨,૦૦,૦૦૦
૭	રમેશભાઈ ધરમશીભાઈ ઘાઘરા	નાશિક	૧,૫૧,૧૧૧
૮	વિપુલભાઈ કાંતીભાઈ ભલાણી	અમદાવાદ	૧,૫૧,૦૦૦
૯	ચિંતન મનસુખભાઈ ભાલોડીયા	અમદાવાદ	૧,૫૦,૦૦૦ (૫,૫૫,૫૫૫ સંકલ્પ પેટે)
૧૦	નિલેશભાઈ મનસુખભાઈ કનેરીયા	અમદાવાદ	૧,૧૧,૧૧૧
૧૧	વિજયભાઈ જયરાજભાઈ ભાલોડીયા	અમદાવાદ	૧,૦૦,૦૦૦ (૫,૫૫,૫૫૫ સંકલ્પ પેટે)
૧૨	શારદાબેન ચંદુભાઈ કોઠડીયા	રાજકોટ	૧,૦૦,૦૦૦
૧૩	વિવેકકુમાર ગોરધનભાઈ ભુવા	જેતપુર	૮૩,૨૫૨
૧૪	પુષ્ટિસંસ્કાર પુષ્ટિસત્સંગ મંડળ-મવડી	રાજકોટ	૭૩,૧૪૧
૧૫	અમિતભાઈ ભગવાનજીભાઈ શેખાત	રાજકોટ	૫૫,૫૫૫
૧૬	રીપલભાઈ જમનાદાસ પટેલ	રાજકોટ	૫૧,૦૦૦ (૨,૫૧,૦૦૦ સંકલ્પ પેટે)
૧૭	ભૌતિકભાઈ રમણીકભાઈ ચાપાણી	રાજકોટ	૫૧,૦૦૦ (૧,૮૪,૨૫૨ સંકલ્પ પેટે)
૧૮	છગનભાઈ બેચરભાઈ બાબરીયા	કાંગશીયાળી	૫૧,૦૦૦
૧૯	શાંતાબેન વિરજીભાઈ ચોવટીયા	વડાલ	૫૧,૦૦૦

૨૦	આનંદકુમાર ચીમનભાઈ અઘેરા	અમદાવાદ	૫૧,૦૦૦
૨૧	અંજનાબેન ભાવીનભાઈ ભંડેરી	વડોદરા	૫૧,૦૦૦
૨૨	નિકેશભાઈ જેંતીલાલ આણંદપરા	જુનાગઢ	૫૧,૦૦૦
૨૩	હંસાબેન હસમુખભાઈ પાઘડાર	જુનાગઢ	૫૦,૦૦૦ (૧૧,૧૧,૦૦૦ સંકલ્પ પેટે)
૨૪	નવનીતભાઈ કાનજીભાઈ ખાનપરા	અમદાવાદ	૫૦,૦૦૦ (૫,૮૪,૨૫૨ સંકલ્પ પેટે)
૨૫	કિશોરભાઈ બચુભાઈ વાગડીયા	ધોરાજી	૫૦,૦૦૦ (૫,૫૫,૫૫૫ સંકલ્પ પેટે)
૨૬	મગનભાઈ મોહનભાઈ લાડાણી	માળીયા હાટીના	૫૦,૦૦૦
૨૭	પ્રતીકભાઈ જીવરાજભાઈ ગજેરા	રાજકોટ	૫૦,૦૦૦ (૧,૧૦,૦૦૦ સંકલ્પ પેટે)
૨૮	પુષ્ટિસંસ્કાર મહિલા સમિતિ – જોશીપરા	જુનાગઢ	૨૮,૦૦૦
૨૯	હિરેનભાઈ જમનાદાસ વડારીયા	રાજકોટ	૨૫,૦૦૦ (૨,૨૧,૦૦૦ સંકલ્પ પેટે)
૩૦	ભુપતભાઈ મનજીભાઈ સોજીત્રા	લેરીયા	૨૫,૦૦૦ (૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૩૧	રમેશભાઈ ભનુભાઈ કમાણી	રાજકોટ	૨૫,૦૦૦ (૫૧,૦૦૦ સંકલ્પ પેટે)
૩૨	ચેતનભાઈ દિલસુખભાઈ રામાણી	વિસાવદર	૨૫,૦૦૦
૩૩	હંસાબેન જાદવભાઈ દેત્રોજા	જુનાગઢ	૨૩,૧૪૧ (૧,૮૪,૨૫૨ સંકલ્પ પેટે)
૩૪	કેતનભાઈ બચુભાઈ ભીમાણી	રાજકોટ	૨૩,૧૪૧
૩૫	સમસ્ત વૈષ્ણવ સમાજ–નાનીપરબડી	નાની પરબડી	૨૩,૦૦૦
૩૬	અંશકુમાર દિલીપભાઈ બાબરીયા	મોટી પરબડી	૨૨,૨૨૨
૩૭	ચિંતનભાઈ હરસુખભાઈ પોપટ	અમદાવાદ	૨૧,૧૧૧
૩૮	વજુભાઈ મોહનભાઈ ખુંટ	રાજકોટ	૨૧,૦૦૦ (૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૩૯	જીતેન્દ્રભાઈ ભીમજીભાઈ ઢોલરીયા	જુનાગઢ	૨૧,૦૦૦
૪૦	ભારતીબેન હરિલાલ ભાલોડીયા	રાજકોટ	૨૦,૧૧૧
૪૧	હર્ષાબેન મુકેશભાઈ કણસાગરા	માણાવદર	૨૦,૧૧૧
૪૨	કેશવભાઈ ટપુભાઈ વાઢીયા	કેશોદ	૨૦,૦૦૦ (૩,૩૩,૩૩૩ સંકલ્પ પેટે)
૪૩	સતિષભાઈ વિનોદભાઈ લોટીયા	રાજકોટ	૨૦,૦૦૦ (૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૪૪	કમલભાઈ ઘીરૂભાઈ રાણીંગા	ઉપલેટા	૨૦,૦૦૦
૪૫	ઘીરૂભાઈ વલ્લભભાઈ બાબરીયા	કાથરોટા(વડાલ)	૧૯,૯૦૦
૪૬	અશોકભાઈ મુળજીભાઈ કાછડીયા	ઝાંઝરડા	૧૫,૦૦૦
૪૭	કલાપી પ્રવિણભાઈ વડારીયા	માળીયા હાટીના	૧૫,૦૦૦
૪૮	વૈષ્ણવ મહિલા સત્સંગ મંડળ–ચુડવા	ચુડવા	૧૩,૦૦૦
૪૯	જેંતીલાલ વાલજીભાઈ કમાણી	અમદાવાદ	૧૧,૧૧૧
૫૦	કુંજ અશ્વિનભાઈ બુધ્ધદેવ	જુનાગઢ	૧૧,૧૧૧ (૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૫૧	કાર્તિકભાઈ વીપીનચંદ્ર તલાટી	મુંબઈ	૧૧,૧૧૧

૫૨	દયાબેન અનસુખભાઈ ભાલોડીયા	જુનાગઢ	૧૧,૧૧૧
૫૩	રાજુભાઈ લાલજીભાઈ ચીત્રોડા	નવાગામ	૧૧,૧૧૧
૫૪	રામભાઈ ટપુભાઈ ઝાલા	વઘાવી	૧૧,૧૧૧
૫૫	બાવનજીભાઈ કેશવભાઈ ગજેરા	જેતલસર	૧૧,૦૦૦
૫૬	ભાણજીભાઈ રાઘવભાઈ ટીલવા	માણાવદર	૧૧,૦૦૦
૫૭	દામજીભાઈ હરિભાઈ બગસરીયા	રાજકોટ	૧૧,૦૦૦
૫૮	હરેશભાઈ અરજણભાઈ વઘાસીયા	ગોઘમપુર	૧૧,૦૦૦
૫૯	જયેશભાઈ જેઠાલાલ માણેક	વિસાવદર	૧૧,૦૦૦
૬૦	કેતનભાઈ અનુભાઈ ઝીંઝુવાડીયા	વિસાવદર	૧૧,૦૦૦
૬૧	કિશોરભાઈ જેરામભાઈ કાલરીયા	રાજકોટ	૧૧,૦૦૦
૬૨	સંજયભાઈ નાગજીભાઈ શિરોયા	વિસાવદર	૧૧,૦૦૦
૬૩	જ્યોત્સનાબેન ગોવિંદભાઈ ગોંડલીયા	જુનાગઢ	૧૦,૧૧૧
૬૪	મનસુખભાઈ દેવશીભાઈ આરદેશણા	નવાગામ	૧૦,૧૧૧
૬૫	વલ્લભભાઈ દુદાભાઈ જાગાણી	નવાગામ	૧૦,૦૧૧
૬૬	રમેશભાઈ બાવનજીભાઈ શેખડા	નવાગામ	૧૦,૦૧૧
૬૭	શ્યામ કિશોરભાઈ ચનીયારા	જુનાગઢ	૧૦,૦૦૦
૬૮	કુલદિપભાઈ નંદલાલભાઈ પટોડીયા	કેશોદ	૧૦,૦૦૦
૬૯	નિલેશભાઈ ભીમજીભાઈ બાબરીયા	જુનાગઢ	૯,૧૧૧
૭૦	અશ્વિનભાઈ વસંતલાલ રાજા	જુનાગઢ	૯,૦૧૧
૭૧	કાંતીભાઈ વિરજીભાઈ કલોલા	નવાગામ	૮,૦૦૦
૭૨	યતીનભાઈ ચંદુભાઈ શેખડા	નવાગામ	૬,૧૧૧
૭૩	વિમલભાઈ જમનાદાસ ઘેટીયા	નવસારી	૬,૦૦૦
૭૪	પરષોત્તમભાઈ ગોકળભાઈ સાંગાણી	ભાટીયા	૬,૦૦૦
૭૫	હંસરાજભાઈ ગોવિંદભાઈ રાદડીયા	સુરત	૬,૦૦૦ (૧૧,૦૦૦ સંકલ્પ પેટે)
૭૬	કિશોરભાઈ થોભણભાઈ ભટાસણા	માણાવદર	૬,૦૦૦
૭૭	રસિકભાઈ જેંતીભાઈ હદવાણી	નવાગામ	૫,૬૧૧
૭૮	મનસુખભાઈ હરજીવનભાઈ દાવડા	માણાવદર	૫,૫૫૫ (૨૨,૦૦૦ સંકલ્પ પેટે)
૭૯	ગોપાલભાઈ ભોવાનભાઈ રૂપાપરા	અકાળા	૫,૫૫૧ (૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૮૦	સુરેશભાઈ જયંતીભાઈ જાગાણી	વડાલ	૫,૫૦૦ (૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૮૧	જેંતીભાઈ અંબાવીભાઈ કનેરીયા	તરશીંગડા	૫,૫૦૦
૮૨	ભરતભાઈ કરશનભાઈ પેથાણી	જુનાગઢ	૫,૫૦૦
૮૩	નાથાભાઈ લખમણભાઈ લઘણોજા	અમરનગર	૫,૫૦૦ (૧૧,૦૦૦ સંકલ્પ પેટે)

૮૪	રાજેશભાઈ કરશનભાઈ પેથાણી	જુનાગઢ	૫,૫૦૦
૮૫	ચંદુભાઈ અરજણભાઈ શેખડા	નવાગામ	૫,૧૧૧
૮૬	રીમાબેન ભાવેશકુમાર પટેલ	અમદાવાદ	૫,૦૦૧
૮૭	પ્રાજેશભાઈ મગનભાઈ શેખાત	જુનાગઢ	૫,૦૦૦ (૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૮૮	પ્રાગજીભાઈ ચનાભાઈ બાવીસા	મોટી પરબડી	૫,૦૦૦ (૨૨,૨૨૨ સંકલ્પ પેટે)
૮૯	કિશોરભાઈ હરિભાઈ વસવેલીયા	નવાગામ	૫,૦૦૦ (૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૯૦	વિજયભાઈ દુર્લભજીભાઈ ઉમરાડીયા	જુનાગઢ	૪,૦૦૦ (૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૯૧	રમેશભાઈ કેશવભાઈ મેંદપરા	કોઠડી	૩,૧૧૧ (૧૪,૧૧૧ સંકલ્પ પેટે)
૯૨	ભાવિનભાઈ વલ્લભભાઈ ટાંક	નવાગામ	૩,૦૦૦ (૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૯૩	દેવશીભાઈ લાધાભાઈ બાટવા	તલીયાદર	૨,૫૦૦ (૧૧,૦૦૦ સંકલ્પ પેટે)
૯૪	જગદીશભાઈ પુંજાભાઈ બાટવા	તલીયાદર	૨,૫૦૦ (૧૧,૦૦૦ સંકલ્પ પેટે)
૯૫	રમણીકભાઈ ગોરધનભાઈ ડેડાણીયા	નવાગામ	૨,૧૧૧ (૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૯૬	જીગ્નેશભાઈ લાલજીભાઈ મોવલીયા	નાની પરબડી	૧,૧૦૦
૯૭	જીવરાજભાઈ લક્ષ્મીદાસ ટાંક	નવાગામ	૧,૦૧૧
૯૮	ગીતાબેન સંજયભાઈ વાડોદરીયા	અમરનગર	૧,૦૦૦ (૧૧,૦૦૦ સંકલ્પ પેટે)
૯૯	સરોજબેન ઝીમ્મીભાઈ વાડોદરીયા	અમરનગર	૧,૦૦૦ (૧૧,૦૦૦ સંકલ્પ પેટે)
૧૦૦	ઉર્મીબેન મિતેશભાઈ શાહ	જુનાગઢ	૧,૦૦૦ (૧૧,૦૦૦ સંકલ્પ પેટે)

શ્રીવ્રજવલ્લભબાવાશ્રીના સાન્નિધ્યમાં વલ્લભીય યુવા સંગઠન દ્વારા વૃક્ષારોપણ









આચાર્યશ્રી પરિવાર અને મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ગુરુકુલ-ચોડી સોરઠના બાળકો દ્વારા વૃક્ષારોપણ







પુષ્ટિસંસ્કાર સ્કૂલ – ટીંબાવાડી, જૂનાગઢ









વ્રતોત્સવ ટિપ્પણી

અષાઢ વદ ૦૮ થી ભાદરવા સુદ ૧૫

તારીખ	તિથિ	વાર	વિશેષ દિવસની નોંધ
ઓગષ્ટ/૬	**અષાઢ વદ ૦૮**	**ગુરૂવાર**	જન્માષ્ટમીની વધાઇ
૦૯	૧૧	રવિવાર	એકાદશીવ્રત
૧૨	૩૦	બુધવાર	હરિયાળી અમાસ
૧૪	**શ્રાવણ સુદ / ૦૨**	શુક્રવાર	શ્રીવિઠ્ઠલેશજીનો ઉત્સવ
૧૫	૦૩	શનિવાર	ઠકુરાની ત્રીજ
૧૭	૦૫	સોમવાર	નાગપંચમી
૧૯	૦૭	બુધવાર	બડે શ્રીગોવિન્દરાયજીનો ઉત્સવ
૨૦	૦૮	ગુરૂવાર	શ્રીમાધવરાયજીનો ઉત્સવ
૨૩	૧૧	રવિવાર	પવિત્રા એકાદશીવ્રત
૨૪	૧૨	સોમવાર	પવિત્રા બારસ, ગુરૂદેવને પવિત્રા ધરવા
૨૮	૧૫	શુક્રવાર	રક્ષાબંધન સવારે શૃંગારમાં
૩૧	**શ્રાવણ વદ / ૦૩**	**સોમવાર**	હિંડોળા વિજય
સપ્ટે./૦૧	**૦૪**	**મંગળવાર**	શ્રીગોવર્ધનેશજીનો ઉત્સવ
૦૨	૦૬	બુધવાર	શ્રીશ્યામમનોહરપ્રભુ ચાંપાસેનીનો પાટોત્સવ
૦૩	૦૭	ગુરૂવાર	શયનમાં છઠ્ઠી ઉત્સવ
૦૪	**૦૮**	**શુક્રવાર**	**જન્માષ્ટમીવ્રત શ્રીકૃષ્ણ પ્રાદુર્ભાવોત્સવ, કૃષ્ણાબ્દ ૫૨૫૨પ્રારંભ**
૦૫	૦૯	શનિવાર	નંદમહોત્સવ
૦૭	૧૧	સોમવાર	એકાદશીવ્રત
૧૧	૩૦	શુક્રવાર	કુશગ્રહણી અમાસ
૧૨	**ભાદરવા સુદ / ૦૧**	શનિવાર	રાધાષ્ટમીની વધાઇ
૧૬	૦૫	બુધવાર	ઋષિપંચમી, દ્વિતીય સ્વરૂપોત્સવ, શ્રીચંદ્રાવલીજીનો ઉત્સવ
૧૯	૦૮	શનિવાર	રાધાષ્ટમી
૨૨	૧૧	મંગળવાર	એકાદશીવ્રત
૨૬	૧૫	શનિવાર	સાંઝીનો પ્રારંભ

Registered Newspaper
PUSHTI SANSKAR (Monthly) - August 2026, JUNAGADH - 362001
Posted on 1st of every month (RMS - Junagadh)

R.N.I. No. GUJGUJ/2010/34004
Postal Reg No.JND/304/2025-2027 (Valid up to 31-12-2027)
Total Page : 36 Price ₹ 20

IF NOT DELIVERED PLEASE RETURN TO

SHREE PUSHTI SANSKAR SANSTHAN
MOTI HAVELI, PANCH HATADI CHOWK, JUNAGADH - 362001 (GUJARAT) INDIA
Owner : SHREE PUSHTI SANSKAR SANSTHAN
Printer, Publisher : Jayendrakumar Bhimjibhai Tanna
Editor : Vimal Mahedrabhai Bhatt
Printed at METRO OFFSET Near Sub. Marketing Yard, Dolatpara, Junagadh - 362037
Published at Pusti Sankar Karyalaya, Moti Haveli, Nr. Panch Hatadi Chowk, Junagadh